# સ્થાનિક બોલી આધારીત

( ધોરણ : ૧ અને ૨ ના શિક્ષકો માટે સંદર્ભ પુસ્તિકા )

વર્ષ : ૨૦૨૩-૨૪

# ભીલી લોકબોલી


-: પ્રેરક :-

**શ્રી ડી.એસ.પટેલ**

નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર

-: માર્ગદર્શક :-

**ડૉ.એન.ડી.પટેલ**

રીડરશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

**ડૉ.કે.ટી.પોરાણીયા**

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર, જિલ્લો-મહિસાગર

**ડૉ.અખિલભાઇ ઠાકર**

રિસર્ચ એસોસિયેટ, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

-: કન્વીનર :-

**શ્રી એસ.પી.પારગી**

લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર,જિલ્લો-મહિસાગર

# સંકલન અને સમીક્ષા

## શ્રી એસ.પી.પારગી

વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર

### નિર્માણ-સંયોજક

(૧) ખરાડી લખમણભાઈ ડી. (HTAT, નરસીંગપુર મુ. પ્રા. શાળા, તા. સંતરામપુર)
(૨) માલીવાડ શનાભાઈ ઝેડ. (સી.આર.સી.કો.ઓ. આંકલીયા તા. કડાણા)
(3) ડીંડોર જીવાભાઈ એસ. (મુ. શિ. વાઘડુંગરી પ્રા. શાળા)
(૪) ડામોર પર્વતસિંહ કે. (વાગડીયા પીથાપુર પ્રા. શાળા)
(૫) ડામોર દલાભાઈ કે. (મોટા ધરોળા પ્રા. શાળા)
(૬) બરજોડ સુનિલભાઈ પી. (મોલારા પ્રા. શાળા)
(૭) પારગી કૃષ્ણકુમાર એચ. (HTAT આચાર્ય મુક્તેશ્વર મહાદેવ પ્રા. શાળા)
(૮) ખડીયા પ્રેમચંદભાઈ આર. (ખેતુ ફ.વર્ગ-1 પ્રા. શાળા)
(૯) ડામોર દલસુખભાઈ એમ. (રાઠડા ફ.વર્ગ પ્રા. શાળા)
(૧૦) તાવિયાડ મગનભાઈ એચ. (HTAT આચાર્ય, શીર વર્ગ પ્રા. શાળા)
(૧૧) વસુન અરવિંદભાઈ એચ. (ચિતવા પ્રા. શાળા)
(૧૨) મછાર પંકજભાઈ (લીલવાસર પ્રા. શાળા)
(૧૩) તારસિંહ એલ. તડવી (મુ. શિ. કુંડલા ફ.વર્ગ પ્રા. શાળા)

### સમીક્ષક

(૧) બામણીયા દિનેશભાઈ ડી. (નવાઘરા પ્રા. શાળા)
(૨) પટેલીયા રમણભાઈ એ. (નાનીરાઠ પ્રા. શાળા)
(3) પટેલીયા રમણભાઈ કે. (મુ. શિ. સરસડી પ્રા. શાળા)
(૪) વાગડીયા જેસિંગભાઈ કે. (તરાળ ફ. પ્રા. શાળા)

### ભાષા શુદ્ધિ

(૧) શરદભાઈ એચ. પટેલ (નિવૃત્ત વ્યાખ્યાતા, ડાયટ, સંતરામપુર)
(૨) ડૉ.ઘનશ્યામ આર. યાદવ (બી.આર.સી.કો.ઓ., સંતરામપુર)
(3) અર્જુનસિંહ કે. પારગી (ડામોર ફ. વર્ગ ઉખરેલી)

### ટેકનીકલ સહયોગ

(૧) પટેલ નરેશભાઈ એચ. (સી.આર.સી.કો.ઓ. તાલુકા શાળા તા. સંતરામપુર)
(૨) પ્રજાપતિ નિલેશભાઈ પી. (સી.આર.સી.કો.ઓ. ડોળી તા. સંતરામપુર)
(3) રાણા ધનવંતભાઈ એલ. (સી.આર.સી.કો.ઓ. ચિતવા તા. સંતરામપુર)
(૪) ગટલી ગુલામમોઈનુદ્દીન એ. ( દલીયાટી પ્રા. ળા)
(૫) પટેલ વિઠ્ઠલભાઈ પી. ( પટેલ ફ.વર્ગ બુગઢ પ્રા. શાળા)

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું ૨૦૦૫ અનુસાર બાળકોનું શીખવાનું માધ્યમ માતૃભાષા અથવા ઘરની ભાષા હોવું જોઈએ. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર પ્રારંભિક સ્તરે ઘરની ભાષા અને બહુભાષિક શિક્ષણ પર વધુ ભાર મૂકવામાં આવેલ છે, વાસ્તવિકતા એ છે કે નાના બાળકો એમની ઘરની ભાષા કે માતૃભાષામાં અર્થપૂર્ણ ખ્યાલોને વધુ ઝડપથી શીખે અને સમજે છે.

સામાન્ય રીતે ભાષા વિશાળ ભૌગોલિક વિસ્તારમાં બોલાતી હોય છે અને બોલી નાનકડાં પ્રદેશમાં કે ક્ષેત્રમાં બોલાતી હોય છે. વિવિધ સંસ્કૃતિ ધરાવતા લોકો વચ્ચે સંવાદ અને સંપર્ક સાધવા માટે, એકબીજાને સમજવા માટે, દરેક વિસ્તારની સંસ્કૃતિ અને કલાની ધરોહરને જીવંત રાખવા માટેનું સક્ષમ સાધન જો કોઈ હોય તો તે છે ભાષા. ભાષામાંથી જ બોલીઓ વિકસે છે. બોલીઓને મહત્વ મળતાં તે ભાષા બનતી હોય છે. બોલીમાં વ્યક્તિના જન્મસ્થળની બોલીના લક્ષણો જળવાતાં હોય છે.

બાળકોને પોતાની બોલીમાં જ અભ્યાસ કરવાનું સરળ, સહજ અને રુચિકર લાગતું હોય તે સ્વાભાવિક છે. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા ધોરણ ૧ થી ૮ ના પાઠ્યપુસ્તકોની રચના માન્ય ભાષામાં થયા બાદ એને લગતા સંદર્ભ સાહિત્યની રચના વિવિધ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા થતી રહી છે. જેના પ્રયાસ સ્વરૂપે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર દ્વારા ભીલી લોકબોલી આધારિત સાહિત્યનું નિર્માણ થયેલ છે. આ સાહિત્ય શિક્ષકોને પોતાની વર્ગખંડ પ્રક્રિયામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે એવી આશાઓ વ્યક્ત કરું છું.

**શ્રી ડી. એસ. પટેલ**
**નિયામક જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર**

# શુભેચ્છા સંદેશ........

સ્થાનિક ભાષા કે બોલી દ્વારા જ અસરકારક પ્રત્યાયન થતું હોય છે. પોતાની ભાષા કે બોલીમાં રજૂ થયેલ વિચારો વ્યક્તિના માનસમાં સરળતાથી ઉતરી જતા હોય છે. સમગ્ર મહિસાગર જિલ્લામાં અનેક જાતિના લોકો વસવાટ કરતાં હોવાથી દરેક વિસ્તારમાં બોલી થોડીઘણી બદલાતી જોવા મળે છે. જિલ્લાના છેવાડાના કેટલાંક ગામોમાં નિયુક્ત થયેલ શિક્ષકો બાળકો દ્વારા બોલાતી સ્થાનિક ભીલી બોલીને સરળતાથી સમજી શકતા નથી. તેવી જ રીતે શિક્ષકો દ્વારા બોલાતી શિષ્ટ ભાષાને સમજવી બાળકો માટે સહેજ અઘરી પડે છે.

ગુજરાત રાજ્યના દરેક જિલ્લામાં કાર્યરત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા શૈક્ષણિક ગુણવત્તા સુધાર અર્થે શિક્ષકો માટે વિવિધ તાલીમ કાર્યક્રમો અને સંદર્ભ સાહિત્યનું નિર્માણ થતું હોય છે, જેના પ્રયાસરૂપે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર દ્વારા શિક્ષકો માટે ભીલી લોકબોલી સાહિત્યની રચના કરવામાં આવેલ છે. વધુમાં, આ સાહિત્યને સાંભળવા માટે મોડ્યૂલમાં દરેક વિભાગ મુજબ QR કોડ પણ મૂકવાનો વિશેષ પ્રયત્ન થયો છે, જે આવકાર્ય છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર દ્વારા આવનાર દિવસોમાં આ સાહિત્યની પ્રતો આ વિસ્તારના દરેક શિક્ષકોને ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે અને આ સાહિત્ય થકી આ વિસ્તારના શિક્ષકોને તાલીમબદ્ધ પણ કરવામાં આવનાર છે.

અંતમાં, આ સાહિત્યની નિર્માણ પ્રક્રિયામાં સહયોગ આપનાર તમામ સારસ્વત મિત્રોને અભિનંદન પાઠવું છું. તેમજ આ સાહિત્ય બાળકો અને શિક્ષકો વચ્ચે સેતુ સમાન બની વર્ગખંડ પ્રક્રિયામાં અસરકારકતા લાવશે તેવી આશાઓ સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**કલેક્ટર**

**મહિસાગર**

# મધુવિકા

માતૃભાષા તો આપણી પોતીકી અણમોલ જણસ છે. માતૃભાષા જીવનનું અમૃત અને જીવનનો ધબકાર છે. માતૃભાષા તરફની સૂગને પરિણામે બાળકોને આપણી ધરોહર સમાન સંસ્કૃતિ અને વૈભવથી દૂર લઇ જઈ રહ્યા છીએ, જે નરી વાસ્તવિકતા છે. એક જાગૃત શિક્ષક અને નાગરિક તરીકે માતૃભાષા સંવર્ધનનું કામ વહેલામાં વહેલી તકે ઉપાડી લેવું એ આપણા સૌની જવાબદારી બને છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં પણ સ્થાનિક ભાષા અને લોકબોલીમાં શિક્ષણ આપવાની હિમાયત કરેલ છે. બાળકો વિષયવસ્તુને સરળતાથી સમજી શકે તે માટે જિલ્લા કક્ષાએથી પાઠ્યપુસ્તકો સિવાયનું અન્ય સહાયક સંદર્ભ સાહિત્ય સ્થાનિક લોકબોલીમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન થકી રચવામાં આવી રહ્યું છે. જેના ભાગ સ્વરૂપે મહિસાગર જિલ્લાના છેવાડાના કેટલાક ગામોમાં શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકોને વર્ગ-વ્યવહારમાં સહાયક બની રહે અને શૈક્ષણિક પ્રક્રિયા વધારે સુગમ બને તે માટે ડાયટ સંતરામપુર દ્વારા 'ભીલી લોકબોલી ' માં સ્થાનિક સંદર્ભ સાહિત્ય રચાયેલ છે,

મહિસાગર જિલ્લો એ વૈવિધ્યતા સભર જિલ્લો છે. જિલ્લામાં અનેક જાતિની પ્રજા વસવાટ કરે છે. દરેક પ્રજા પોતાની આગવી લોકબોલી ધરાવતી હોય છે. મોટાભાગની પ્રજાની બોલીઓમાં વિશેષ તફાવત જોવા મળતો હોતો નથી. પરંતુ સંતરામપુર અને કડાણા તાલુકાના છેવાડાના કેટલાંક ગામોમાં આદિવાસી ભીલ જાતિના લોકો વસવાટ કરે છે, જેમની લોકબોલી અહીં વસતાં અન્ય સમાજોની લોકબોલી કરતાં વિશેષ જુદી પડે છે. અન્ય જિલ્લાના શિક્ષકો આ વિસ્તારમાં શિક્ષક તરીકે જોડાય ત્યારે તેમને આ મોટા પડકારનો સામનો કરવો પડતો હોય છે. વર્ગખંડ પ્રક્રિયા દરમિયાન શિક્ષકો દ્વારા શિષ્ટભાષામાં આપવામાં આવતી તમામ સૂચનાઓ બાળકોને સમજવામાં મુશ્કેલી પડે છે. અને બાળકોની બોલી શિક્ષકોને સમજવામાં તકલીફ પડે છે. આ સાહિત્ય આ પ્રકારની મોટાભાગની સમસ્યાઓનાં નિવારણ માટે મદદરૂપ બનશે. તેવી રીતે તૈયાર કરવામાં આવેલ છે.

આ સાહિત્યના પ્રકરણોમાં બાળકો અને શિક્ષકો વચ્ચેની સામાન્ય વાતચીત, સંવાદો, પ્રાર્થના દરમિયાનની સૂચનાઓ, વર્ગખંડ દરમિયાનની સૂચનાઓ, મધ્યાહ્ન ભોજન દરમિયાનની સૂચનાઓ, રમતના મેદાન પરની સૂચનાઓને આવરી લેવાનો પ્રયત્ન થયો છે. ઘર વપરાશની વસ્તુઓ, રસોડામાં વપરાતી વસ્તુઓ, વર્ગખંડ અને શાળાની વસ્તુઓ, રોજીંદા જીવનમાં અને વ્યવહારમાં વપરાતાં સામાન્ય શબ્દો, ક્રિયાદર્શક શબ્દો, માનવ શરીરના અંગો, સામાજિક સંબંધો, પશુ-પંખી અને જીવજંતુઓ, પાકો, અનાજ, વાનગીઓ, શાકભાજી, વૃક્ષો, પોશાક અને ઘરેણાં, રંગો, વાહન-વ્યવહારના સાધનો, ખેતીના સાધનો, વાર, મહિના અને ઋતુઓના નામ શિષ્ટ અને ભીલી બોલીમાં કઈ રીતે બોલાય છે તે રજૂ કરવામાં આવેલ છે.

ધોરણ ૧ અને ૨ ના ગુજરાતી અને ગણિત વિષયના પાઠ્યપુસ્તક સંબંધિત શિક્ષકોએ કરવાની પ્રવૃત્તિઓ બાબતની તમામ સૂચનાઓને શિષ્ટ અને ભીલી લોકબોલીમાં શું બોલાય તેનું આલેખન થયું છે. વળી, બાળકોને પસંદ હોય તે પ્રકારની નાની નાની વાર્તાઓનો સમાવેશ કરેલ છે. આ તમામ વિભાગોમાં શબ્દો અને વાક્યો કે વાર્તાલાપ લખાણ સ્વરૂપે મૂકાયેલ છે, સાથે સાથે તેના QR કોડ મુકેલ છે. તદુપરાંત આ સાહિત્યને કોર્ષ સ્વરૂપે DIKSHA પોર્ટલ પર પણ અપલોડ કરવામાં આવનાર છે. ભીલી લોકબોલી જાણવા ઇચ્છુક અન્ય વિસ્તારના શિક્ષકો અને લોકોને પણ આ કોર્ષ સહાયક બની રહેશે તેવી સંપૂર્ણ શ્રદ્ધા છે.

શિક્ષકો દ્વારા આ સંદર્ભ સાહિત્યનો વર્ગખંડ પ્રક્રિયામાં વધુમાં વધુ ઉપયોગ થાય અને શૈક્ષણિક કાર્ય વધુ સુગમ અને વેગવંતુ બને તેવી અભ્યર્થના...

**ડૉ.કે.ટી.પોરાણીયા**

**પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર**

# શુભેચ્છા સંદેશ

સ્વાભાવિક છે કે કોઈપણ પ્રજા પોતાના દૈનિક વ્યવહારો પોતાની લોકબોલીમાં કરતી હોય છે. કોઈ ચોક્કસ પ્રદેશ કે પ્રાંતના લોકોને પોતાની લોકબોલી સિવાયની બોલી કે ભાષામાં જયારે જીવન વ્યવહારો કરવાના થતાં હોય ત્યારે ઘણી મુશ્કેલીઓ અનુભવવી પડતી હોય છે, પરંતુ એની ઘરની જ બોલીમાં આ કાર્ય થાય તો ?

મહિસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના કેટલાંક ગામોમાં શિક્ષકો અને બાળકો વચ્ચેની શૈક્ષણિક પ્રક્રિયામાં કોઈ મોટો અંતરાય હોય તો તે છે ત્યાંની સ્થાનિક લોકબોલી, આ અંતરાયને દૂર કરવાનું કાર્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સંતરામપુર દ્વારા રચાયેલ ભીલી લોકબોલી આધારિત સાહિત્ય દ્વારા થવાનું છે, જે મહિસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના અંતરિયાળ વિસ્તારના ગામોના શિક્ષકો અને બાળકો વચ્ચેની શૈક્ષણિક પ્રક્રિયામાં અંતરાય ઘટાડી શૈક્ષણિક સમિધ પૂરું પાડવાનું કામ કરશે. આ મોડ્યૂલના અભ્યાસ થકી શિક્ષકો બાળકો દ્વારા બોલાતી ભીલી બોલીને સમજવાનો પ્રયત્ન કરશે તેમજ તેઓ શાળામાં અને વર્ગખંડોમાં બાળકોની ભાષામાં જ અભિવ્યક્તિ કે રજૂઆત કરશે તો બાળકો વધુ નિકટતા અને પોતીકાપણાની લાગણી અનુભવશે.

આ ભગીરથ કાર્યમાં જોડાયેલ સૌ મિત્રોને અભિનંદન પાઠવું છું. આ સાહિત્યના ઉપયોગ થકી શિક્ષકો બાળકોના સ્તર સુધી પહોંચવાનો એક સ્તુત્ય પ્રયત્ન કરે અને વર્ગખંડ પ્રક્રિયા વધુ લચીલી બને તેવી અંતરની શ્રધ્ધા સાથે શુભેચ્છાઓ પાઠવું છું.

**ડૉ.અવનીબા મોરી**
**જિલ્લા શિક્ષણાધિકારી, મહિસાગર**
**અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મહિસાગર**

**શાળામાં વપરાતા શબ્દો, વાક્યો, વાતચીત, સૂચનાઓ, પ્રસંગો, કાર્યક્રમ, વર્ગવ્યવહાર, મધ્યાહ્ન ભોજન,સંમેલનમાં બોલાતાં ગુજરાતી શબ્દો અને પ્રાદેશિક બોલીની માહિતી.**

## પ્રાર્થના સમયે બોલાતાં શબ્દો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| પ્રાર્થનામાં બેસો. | પ્રાથનામાં બીહો. | પ્રાથનામાં બેહો. |
| લાઈનમાં બેસો. | લીણમાં બીહો. | આરમાં બેહો. |
| લાઈન સીધી રાખો. | લીણ હુદી રાખો. | લેણસર બેંહાં. |
| આંખ બંધ કરો. | આંખે બન કરો / આંખ વિસો. | આંશા મેસો. |
| ઘડિયા ગાન કરો. | એકા બુલો | એકા બોલો. |
| બહાર જાઓ. | બહાર જાઓ / બાયણે જો. | બાયણે ઝાં. |
| ટટ્ટાર બેસો | હજ્જડ બીહો / હિદા બીહો | હિદા બેહો. |
| અવાજ ના કરો. | અવાજ થી કરો. | બૂમો થી પાડો. |
| અંદરો અંદર વાતો ના કરો. | મઇ મઇ વાતી થી કરો. | માંય માંય વાતો થી કરો. |
| હાથ જોડો. | આથ જુડો. | હાથ ભેળાં કરો / આથ ઝોડો |
| સમાચાર બોલો. | હમીસાર બુલો / હમાસાર બુલો. | હમીસાંર બોલો / હમાસાર બોલો. |
| અંદર જાઓ. | મઈ જો. | માંય ઝાં. |
| હસતું રમતું ગુલાબ. | આહતું રમતું ગુલાબ. | અહતું રમતું ગુલાબ / આહતું રમતું ગુલાબ. |
| કામ કરો . | કામ કરો. | કાંમ કરાં. |

## રમત ગમતના મેદાનમાં બોલાતાં શબ્દો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| બે ટીમ બનાવો. | બે ટુકડજી બણાવો. | બે ટુકડજી પાડો. |
| કોનો દાવ છે ? | કીનો દાવ હે? | કેનો દાવ હે ? / કનો વારો હે ? |
| જમણી બાજુ ખસો. | જમણે પાહે ખહો. | જમણી પાંહે ખહો. |
| આગળ ખસો. | અગેડ ખહો / અગાડી ખહો. | અગાડી ખહો / આઘે ખેહોં. |
| ધીમેથી દોડો. | તીરે દોડો. | તીરે દોડો. |
| પડી જશે. | પડી જાહે. | પડી જહે / પડી ઝહાં. |

| | | |
|---|---|---|
| પાછળ દોડો. | વાંહેડ દોડો / વાહે દોડો / વાહે પડો. | આંહે દાંડાં / વાહે દોડો / વાહે પડો. |
| યાદ છે કે? | હમકે હે કે ? | યાદ હે કે ? |
| લાઈનમાં ઉભા રહો. | લીણમાં ઉબા રો. | આરમાં ઉભા રો. |
| જલ્દી દોડો. | જટ દોડો / ઉતાવળાં જો. | ઉતાવળાં ઝાં / હટલીની નાહાં. |
| ડાબી બાજુ ખસો. | ડાબે પાંહે ખહો / ડાબો જા | ડાબી પાંહે ખહો / ડાબે ખહ. |
| પાછળ ખસો. | વાહેડ ખહો / વાહે ખહો | આંહેં ખેહો. |
| લપસી જશે. | લહટી પડહે / હરકી જાહે. | લહટી પડહેં. |
| ધીમેથી હસો. | તીરે તીરે આહો. | રાગી રાગી આહાં. |
| નીચે નમ. | ઊંદો પડ / ઉંગડો પડ / નીસે નમ. | નેસો નમ. |
| કયાં જાવ છો ? | કંઇ જો હો ? | ચાં ઝાય હે ? |

| શાળામાં અપાતી સામાન્ય સૂચનાઓ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| આંખો બંધ કરો. | આંખ વીસો. | આંશો મેંસોં. |
| ધ્યાનથી સાંભળો. | ધ્યાનથી હાંબળો / શાંતિબન હંબળો. | ધ્યાંનથી હાંભળો. |
| નોટબુકમાં લખો. | નોટમ લખો. | સોપડામાં લખો / નોંટમાં લખો. |
| પાઠયપુસ્તક ખોલો. | ચોપડી ઉગાડો / સોપડી ઉગાડો / સોપડી ખુલો. | સોપડી ઉઘેડો / સોપડી ખોલો, |
| લાઈનમાં બેસો. | લીણમાં બીહો. | આરમાં બેહો. |
| પાથરણા પાથરીને પ્રાર્થનામાં બેસવું જોઈએ. | પાથરણા પાથરીને પ્રાથનામાં બીહવું જુગે. | પાથરણા પાથરીને પ્રાથનામાં બેહવું જોઈએ. |
| ધુમ્રપાન કરવું નહી. | વ્યસન કરવુ નઈ. | બીડી સિગરેટ ની પીવી. |
| તમારે તમારા મિત્રને મદદ કરવી જોઈએ. | તમારે તમારા હાતીદારની ટીકો કરવો જુગે. | તમારે તમારા દોસદારને મદદ કરવી ઝોઈએં. |

| | | |
|---|---|---|
| કાળા પાટીયામાં જોઇને લખો. | કાળા પાટ્ચ્યામાં પાળી ને લખો / કાળા પાટયામાં દીખીને લખો. | કાળા પાટીયામાં દેસીની લખાં. |
| ચાલો અભિનય ગીત કરીએ. | હીંડો અભિનય ગીત કરજ્યે. | હેડો અભિનય ગીત કરિયે / હેડો નાસીએ. |
| વડીલોનો આદર કરવો જોઈએ. | મોટાંનો આદર કરો / મુંટાને માન આલવું પડે. | મોટાને માંન આલવું પડે. |
| ખરાબ શબ્દો બોલવા નહી. | કચ્છું બુલવું નઈ / કચ્છુયું બુલવું ની. | ગાળ ની બોલવી. |
| કોઈની મશ્કરી કરવી નહી. | કુઇની મશ્કરી ની કરવાની. | કોઈની મજાક ની કરવી / કોઈની સીગોડી ની કરવી / કોઈની ઠેકડી ની ઉડાડવી. |
| પુસ્તક સાચવીને રાખો. | સોપડી હાસવીને રાખો. | સોપડી હાસવીને રાખો / સોપડી હંભાળીને રાખો. |
| અક્ષરો સારા કાઢો. | અસલ અક્સર કાડો. | હારા અક્ષર કાડો. |
| નિશાળમાં વહેલા આવો. | નિહાળામ ટીમસર આબ્બું. | નેહાળમાં ટેમી આવાં. |

| સફાઈ કામમાં વપરાતા શબ્દો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| શાળાને સ્વચ્છ રાખો. | નિહાળને સુકી રાખો. | નેહાળને સોખ્ખી રાખો. |
| નિયમિત વાળા કાપવા જોઈએ. | નિયમિત વાળ કાપવા. | નિયમિત વાળ કપાડવા પડે / ટેમસર વાળ કાપ્પા પડી. |
| બુટ-ચંપલ લાઈનમાં મુકો. | ખાહ્ડા / સંપ્પલ લીણમાં મેલો. | ખાહ્ડાં - સંપ્પલ લેણમાં મેલાં. |
| થાળી ધુઓ. | થાળી તુવો. | થાળી તુવો / થાળી ધોવાં. |
| પાણી ગાળીને પીવું જોઈએ. | પાણી ગાળીને પીવું જુગે. | પાંણી ગાળીને પીવું ઝોઈએ. |
| હાથ લૂછવા માટે હાથ રૂમાલનો ઉપયોગ કરવો. જોઈએ. | આથ નુસવાં હારું આથ રૂમાલ વાપરવો. | આથ નુસવાં રૂમાલનો ઉપયોગ કરવો / આથ નુસવા રૂમાલ વાપરવો ઝોઈએ. |
| એંઠું મુકશો નહીં. | એઠાડું મીલવું ની / એઠાડું થી મીલો. | એંઠું મુકશો નઈ / એઠું થી મેલો. |

| | | |
|---|---|---|
| વાસી ખોરાક ખાવો જોઈએ નહી. | ટાડું ખાવું નઈ / ટાડું હીળું ખાવું નઈ. | ટાઢું ની ખાવું જોઈએ / ટાડું ખાવું નઈ. |
| કચરો કચરાપેટીમાં નાખો. | કસરો કસરાના ડબામાં નાખો / કસરો કસરા પીટીમાં નાખો. | કસરો કસરાના ડબામાં નાખો / કસરો કસરાની પેટીમાં નાંખો. |
| નિયમિત નખ કાપવા જોઈએ. | દાડુ નોખ કાપવા જુગે / થુડે થુડે દાડે નોખ કાપ્પા જુગે . | ટેમી ટેમી નોખ કાપવા ઝોયી. |
| રિશેષમાં શાંતિ જાળવો. | રિશેષમાં શાંતી રાખો / રિશેટમાં ઠીકણે રીજુ. | રિશેષમાં શાંતી રાખો / રિશેટમાં ઝપાં. |
| પાણીનો બગાડ કરવો નહિ. | પાણી વગાડવું નઈ. | પાંણીનો વગાડ કરવો ની જોઈએ / પાંણીનો બગાડ કરવો ની. |
| પાણી પીવા માટે ડોયાનો ઉપયોગ કરવો. | પાણી પીવા ડુયો વાપરવો. | પાંણી કાડવા ડોયો લો. |
| મધ્યાહ્ન ભોજન દરમિયાન લાઈનમાં બેસો. | ખાતી વેળા લીણમ બિહો. | ખાતી વખતે લેણમાં બેહો / ખાતી વખતે આરમાં બેહો. |
| ખોરાકનો બગાડ કરવો નહિ. | ખાવાનો વગાડ થી કરો. | ખાવાનો બાગડ ની કરવો ઝોઈએ / ખવાનું વગાડવું નઈ. |
| સાચું બોલવું જોઈએ. | હ્રાસું બુલવું જુગે / હ્રાસુ બુલવું પડે. | હ્રાસું બોલવું ઝોઈએ. |

| સામાન્ય વાતચીતના શબ્દો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| રમેશ આજે કેમ નથી આવ્યો ? | રમેચ્યો આજે કીમ થી આયો ? | રમેશ આઝે ચમ થી આયો ? |
| બેસી જા. | બીહી જા. | બેહી ઝા. |
| સાચું બોલો. | હ્રાંસુ બુલો / હ્રાસું કો. | હ્રાસુ બોલો. |
| ખોટું છે. | ખુટું હે | ખોટુ હે . |
| દાખલા ગણો. | ડાખલા ગણો | ડાખલા ગણો. |
| શું કરે છે ? | હું કરે હે ? | હું કરે હે? |
| પેટમાં દુઃખે છે ? | પીટમં દુઃખે હે ? | પેટમાં દુઃખે હે? |

| | | |
|---|---|---|
| કેમ મોડો આવ્યો ? | હું કા મોડો આયો / મોડો હું કા આયો ? | હું કા મોડો આયો ? / મોડો હું કા આયો ? |
| પાણી પીવા જવું છે . | પાણી પીવા જવું હે / પાણી પીવા જુ હું. | પાણી પીવા જવું હે. |
| ક્યાં ચાલ્યો ? | કંઈ જાય હે ? | ચાં ઝાંય ? |
| રમવા આવ. | રમ્મા આવ. | રમ્મા આવ. |
| આ લખો. | આગું લખો. | આ લસ. |
| અક્ષર સારા કાઢો. | અકસર હાંરા કાડો. | અકસર હારા કાડો. |
| કેમ ઝઘડો છો ? | હું કા લડો હો ? | હું કા લડો હો ? |
| સ્લેટ આપ. | સિલેટ આલ. | સિલેટ આલ. |
| હું તારા ઘરે આવું છું. | ઉ તારે કેરે આવું હું . | ઉ તારે ઘેર આવું હું . |
| પાણીનો ગ્લાસ ભરી આપ. | પાણીનો ગિલાસ પરી આલ. | પાંણીનો ગિલાસ ભરી આલ. |
| દરરોજ સ્નાન કરો. | દાડું નાવું પડે. | દાડી નાવું પડે. |
| કાનમાંથી મેલ સાફ કર. | કાનમહું ગીગરુ કાડી નાખ. | કાંનમાંહો મેલ કાડી નાખ. |
| સાવરણો ગમે ત્યાં ન મૂકો. | જૂડો ગમે ત થી મીલો. | ઝૂડો ગમેતા થી મેલો. |
| મમ્મી રોટલો બનાવે છે. | મ રુટલો કરે હે. | મા રોટલો કરે હે. |
| મેદાન સાફ કરો. | મેદાન બારી કાડો. | મેદાન સાફ કરાં. |
| ડોલ ભરો. | ડૂળ પરો. | ડોળ ભરાં. |
| જેને જોઈએ તે લઈ લો. | જીને જુગે ઈ લઈ લો. | જેને ઝોઇએ એ લી લાં. |
| દરવાજો ખોલો. | કમાડ ઉગાડો / બાયણું ઉગાડો. | કમાડ ઉઘેડો. |
| વર્ગખંડમાંથી બહાર નિકળતી વખતે ધક્કા-મુક્કી કરવી નહી. | રૂમ્મહા બાયણે જતી વેળા તક્કા-મુક્કી કરવી નઈ. | વરગમાંથી બાયણે નેહરતી વખતે ધક્કા ધક્કી ની કરવી. |
| રજા લીધા સિવાય ગેરહાજર રહેવુ નહી. | રજા લીધા ટાળું કેરે રેવું નઈ. | રઝા લીધા વગર ગેરહાઝર રેવુ ની. |
| રામહાટમાં પૈસા મૂકીને વસ્તુઓ લેવી. | રામહાટમાં પૈસા મીલીને વસ્તુ લીવી. | રાંમહાટમાં પૈસા મેલીને વસ્તુ લાં. |
| વન્ય પ્રાણીઓને નુકસાન કરવું નહી. | ડુંગરના જનાવરની મારવા નઈ. | ડુંગરાનાં જાંનવરો ને મારવા ની. |
| કેમ છો ? | કીમ હો ? | ચમ હે લે ? |
| મહેશ મગનને બોલાવી લાવ. | મહેચ્યા મગન્યાને હાદી કે. | મહેશ મગનને બોલાઈ લાવ. |

| | | |
|---|---|---|
| લેસન કરો. | લખવા બીહો. | લેસન કરો / લખવા બેહો. |
| ચિત્રો દોરો. | સિત્ર દુરો. | ચિતરાં દોરો. |
| ખુરશી લાવો. | ખુડશી લાવ. | ખુડશી લાવ. |
| કેમ રડે છે ? | હું કા રુવે હે ? | હું કા રોવે હે ? |
| શું થયું ? | હું થયું ? | હું શું? |
| દવા લીધી ? | ગુળી લીદી ? | દવા લીધી? |
| શર્ટના બટન બંધ કરવા. | ખમીસના બટણ બન કરવા. | ઝુલડાના બટણ બન કર. |
| કાલે રજા છે. | કાલે રજા હે. | કાલે રઝા હે. |
| ચાલો નિશાળે. | હીંડો નિહાળી. | હેડો નિહાળે / હેઢો નેહાળી. |
| રમવા જા. | રમ્મા જા | રમ્મા જા. |
| ફાટેલા કપડાં સીવી લેવા. | ફાટીલાં સીસર હીવી લીવ. | ફાટેલાં હેથરાં હીવી લેવાં. |
| ચોપડી આપ. | સોપડી આલ. | સાંપડી આલ. |
| પેન આપ. | પીણ આલ | પેણ આલ |
| મને ચોકલેટ આપ. | મને સુકલેટ આલ. | મને સોકલેટ આલ. |
| મને તારા પપ્પાને કહેવા દે. | મની તારે બાપાની કેવા દે. | તારા બાપાને કેવા દે. |
| દરરોજ દાતણ કરો. | દાડું દાતુણ કરો. | રોઝ દાતણ કરાં. |
| રોજ નાક સાફ કરો. | દાડુ નખુરુ સાપ કરો. | રોઝ નાખોરું સાફ કરો. |
| ચાલો સંતાકુકડી રમીએ. | હિંડો સંતાકૂકડી રમજે. | હેઢો હંતાકુકડી રમ્યે. |
| દોડાદોડ ન કરો. | દોડા-દોડ થી કરો. | દોડા દોડી થી કરો. |
| રૂમ સાફ કરો. | રૂમ વાળી નાખો / રૂમ સાપ કરી દો. | રૂમ સાફ કરાં. |
| પાટલીઓ બહાર કાઢો. | પાટલજી બાયણે કાડો. | પાટલીઓ બાયણે કાડો. |
| સફાઈ કરો. | બારી નાખો. | વાળી કાડો. |
| વાસણ ગોઠવીને મૂકો. | રાસડ હરક મીલો. | વાહણ ગોઠવીને મેલાં / ઠાંકણાં ગોઠવીને મેલાં. |
| વર્ગખંડમાં દફતર સરખા મૂકો. | રૂમ્મ ઠેલાં હરકા મીલો. | રૂમમાં દફતર (થેલાં) હરખા મેલાં. |
| વર્ગખંડમાંથી બહાર નીકળો ત્યારે ટ્યુબલાઈટ પંખાની સ્વિચ બંધ કરવી જોઈએ. | રૂમમ હા બાંયણે નિહરો તારે ટુબ લાખડી પંખાના બટણ બન કરવા જુગે. | રૂમમથી બાયણે નેહરો તાણી લાઈટ પંખાના બટણ બન કરો. |

| | | |
|---|---|---|
| મળેલી વસ્તુને ખોયાપાયામાં મૂકો. | જડીલી વસ્તુને ખોયાપાયામાં મીલો. | ઝડેલી વસ્તુને ખોયાપાયામાં મેલાં. |
| પક્ષીઓને ચણ નાખવું જોઇએ. | પક્ષી(જીવડાં)ને દાણા નાખવં જુગે. | જીવડાંની દાંણા નાખવા ઝોયી. |
| નિયમિત કસરત કરવી જોઈએ. | દાડું કસરત કરવી જુગે. | દાડી કસરત કરવી  ઝોઇએ. |
| ચિત્ર જોઈને વાક્ય લાખો. | સિત્ર પાળીને વાક્ય લખો. | ચિત્રો ઝોઈની વાક્ય લખો. |

**સ્થાનિક તહેવારો / ઉત્સવો , કેહવતો , રીતરિવાજો , દેવ સ્થાનો , સામાજિક  સબંધો  , પહેરવેશ**

## તેહવારો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| હોળી | ઉળી | ઓળી |
| રક્ષાબંધન | બળે પૂનીમ | રાખડી પૂનમ / બળેવ |
| મકરસંક્રાંતિ | ઉતરીણ | ઉતરેણ |
| નવરાત્રિ | નવા દાડા / નવાઈ | નવા દાડા /  નવરાતો |
| દશેરા | દહીરો / દાહરો | દહેરો / દહરો |
| જન્માષ્ટમી | ગુકળા આઠીમ | ગોકુળ આઠમ |
| મહાશિવરાત્રિ | શિવરાતરી | શિવરાત્રી / શિવરાત |

## કહેવતો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| વાવે કોઈ ને લણે કોઈ. | વાવે કુઈ ને વડિ કુઈ. | વાવે કોઈ ને વાઢે કોઈ. |
| સૂડી વચ્ચે સોપારી. | હુડી વસ્સે હોપારી. | હુડી વસમાં હોપારી |
| હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા. | હૈયું બાળ્યા વગર આથ બાળવા હારાં. | હૈયું બાળ્યા કરતે આથ બાળવા હારા. |
| ઉલટો ચોર કોટવાળને દંડે. | ઉલ્ટો  સુર કુટવાળને ડંડે. | ઉલટો સોર કોટવાળને ડંડે. |
| દૂરથી ડૂંગર રળિયામણા. | દૂરથી ડુંગરા રળિયામણા. | દૂરથી ડુંગરા રળિયાંમણા. |
| ભાવતું હતું ને વૈદ્યે કીધું. | પાવતુ તુ ની વૈદી કીદું. | ભાવતુ તુ ને વેદે કીધુ  /<br>ભાવતું અતુને વૈધે કીધું. |

| | | |
|---|---|---|
| પાણી પહેલાં પાળ બાંધવી. | પાણી પેલાં પાળ બાંધવી. | પાંણી પેલાં પાળ બાંધવી / પાણી પેલાં પાળ બાંધવી. |
| બોલે તેનાં બોર વેચાય. | બુલે એના બુર વિસઈ. | બોલે એનાં બોરાં વેસાય. |
| ભેંસ આગળ ભાગવત. | પીંહ આગળ પાગવત. | ભેંહ આગળ ભાગવત . |
| પારકી મા જ કાન વીંધે. | પારકી મ સ કાંન કુરે. | પારકી મા જ કાંન વેધે. |

## રીતરિવાજો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| ચાંદલો | સાંદલો / નોતરૂ | સાંણઢલો |
| પાઘડી | સાફો / પાગડી | શાફો / ફેટો |
| દસમું | કારજ પાણી / દહમું / કાઈટુ | કારજ પાણી / દહમું |
| ગણેશ સ્થાપના | તીલ સડાબ્બુ / પરાડી | તેલ સડાવવું |
| મામેરું | મામેરું / પેરમણી | માંમેરું / પેરમણી / નૂતેર |
| માનતા | બાદા | બાધા / માંનતા |
| ફુલેકું | વાનો | ફૂલેકુ |
| સીમંત | ખુળો ભરવો | ખોળો ભરવો |
| આણું | તેડવા જવું | આંણું કરવું |
| બેસણું / લોલિક | લુકીત | બેહણું / લોચીત |
| અતિથિ | મેમાન / પરૂણા | મેમાન / પરૂણા |
| બારમું | બારમું | બારમું / કાયટુ |
| પહેરાવવું | પેરાબ્બું | મામેરું / પેરમણી |
| જાન | જાન | જાંન / જાન |
| પોખણું | પુખવું | પૂખવુ / પોખવું / પુખવું |
| સગાઈ | હગાઈ | હગાઈ / પરુંણા |
| લગ્ન | પૈણવું / લગન | લગન / પૈણાવું / પૈણવું |

## દેવ સ્થાન

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| મંદિર | મંદિર | મંદિર / ડેરું |
| હવનકુંડ | તૂણી | હોમ કુંડ / અવન કુંડ |

| | | |
|---|---|---|
| પૂતળું | બાવલું | બાવલું / પૂતળુ |
| ચબુતરો | સબૂતરો | સબૂતરો |
| શંખ | હંખ | શંખ |
| મૂર્તિ | મુરતી | મૂર્તિ / મૂરતિ |
| રથ | રથ | રથ |
| મુગટ | મોડ | મુગટ |

## પહેરવેશ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| બંડ્ડી | સન્ડો | બઢીયું / સન્ડો |
| શર્ટ | ઝુંલડું / ખમીસ | ઝુંલડું |
| ફ્રોક | ફરાક | ફરાક / ઝભલું |
| ઘાઘરો | સણીયો / કાઘરો | ઘાઘરો |
| કબજો (બ્લાઉઝ) | કબજો | કબજો / કબઝો |
| સાડી | લુગડું | હાડી (લુંગડું) |
| પાલવ | સીડો | સીડો / સેડો / શેડો |
| રિબન | ફુંદુ | ફુંદું / રીબન |
| લુંગી | લુંગી | લુંગી |
| ટુવાલ | અજુરજ્યો / ફટકો | રૂમાલ / અઝુરિયો |
| બટન | ફુટું / બટણ | બટણ |
| ઝભ્ભો | જાંમો | ઝભ્ભો |
| કોટ | કુંટ | કોટ |

## સામાજિક સબંધ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| માતા | આઈ / મ | મા |
| કાકા | કાકો | કાકો |
| ભાઈ | પાઈ | ભાઈ |
| પત્ની | બજેર / બાયડી / બૈરું | બાયડી / બૈરું / ઘાંરવાળી |
| ફુઆ | ફુવા | ફૂઓ |

| | | |
|---|---|---|
| મામા | મામો | મોંમોં / મામા / માંમા |
| પિતાની ભાભી | મોટી કાકી / બાબી | મોટી કાકી / મોટી કાચી |
| દેરાણી | દીરણી | દેરાંણી |
| ભાણેજ | પાંણેજ | ભાંણીઓ |
| નાના ભાઈની પત્ની | વઉં | વઉં |
| માસા | જીજો / માંહો | માહો |
| બનેવી | બનવી | બનેવી |
| પુત્રી | સુરી | દીકરી / છોરી / સોરી |
| મોટી સાળી | બાઈ હાહું | પાટલા હાળી |
| સાસું | હાહું | હાહું |
| વડ સસરા | ગડ હાહરો | વડ હાહરો |
| ઘરડી સ્ત્રી | ડુંહી | ડોહી |
| વિદ્યાર્થી | નિહાળજ્યો | નેહાળીયો |
| કન્યા | લાડી | લાડી |
| બાની માતા | નાની (માડી) | નાની (માડી) / મોટી મા |
| ભત્રીજો | પત્રીજો | ભત્રીઝો |
| છોકરાં | સુરાં | છોરા / સોરાં |
| પિતા | બાપો / બા | બાપો |
| કાકી | કાકી | કાકી / કાચી |
| બહેન | બુન / બાઈ | બુન / બાઈ |
| પતિ | આદમી | આદમી / માણહ / ઘરવાળો |
| ફોઈ | ફઈ | ફુઈ / ફોઈ / ફઇ |
| પિતાના મોટા ભાઈ | મોટા કાકા / બાબો | મોટા કાકા / કાકા |
| દિયર | દિવોર | દેવોર / દેવર |
| સાસરી | હાહરી | હાહરી |
| વર | વોર / લાડો | લાડો / આંર |
| માસી | જીજી / માહી | માહી |
| પુત્ર | સુરો | દિકરો / સોરો |
| સાળા | હાળા | હાળો |
| સાળી | હાળી | હાળી |
| સસરા | હાહરાં | હાહરો |

| | | |
|---|---|---|
| વડસાસુ | ગડહાડું | વડહાડું / માડી |
| ઘરડો | ડુહો / ગયડો | ડોહો / ગયડો માણહ |
| વરરાજા | વોરરાજા / લાડો | વોરરાજા / ઓરરાજા |
| નાનું બાળક | નાનું સુરૂં | કીકું / નાનું સોરું |
| બા ના પિતા | મોટા બા | નાના (દાદા) / મોટા બાપા |
| સાળાની વેલી | હાળાઈલી | હાળાહેલી |
| ભત્રીજી | પત્રીજી | ભત્રીજી |

| ખેતીના ઓજારો / હથિયારો / ઘર વપરાશના સાધનો વસ્તુઓ / રસોડાના વાસણો / વાહન વ્યવહાર / વાજીંત્રો | | |
|---|---|---|
| **સંગીતના સાધનો** | | |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| તબલાં | નરગાં | નરગાં |
| પેટીવાજું | પીટીવાજું | પેટીવાઝું |
| બ્યુગલ | પુંગળુ / બિગુલ | ભૂંગળુ |
| સિતાર | તંબુરો | સેતાર / તંબુરો |
| માણ | માણ | માંણ |
| વાંસળી | વાંહળી | આંહળી / વાંહળી |
| સેક્સોફોન | સેક્સોફોન | સેક્સોફોન |
| મોંઢાથી વગાડવાનું વાજુ | મોડેડું વગાડવાનું વાજું. | મુઢેથી વગાડવાનું વાઝૂ |
| પડઘમ | ટાસું | તાસું |
| કેસીયો | કેસીયો | કેસીયો |
| રાવણહથ્થો | રાવણઅથ્થો | રાવણઅથ્થો |
| પખવાજ | ટુલેક | પખાત |
| શરણાઈ | હણાઈ | હેણાઈ / હણાઈ |
| મંજીરા | ખાહીજુડા | કોહીઝોડાં / મોટી ઝાંઝ |
| ગિટાર | તંબુરો | ગિટાર |
| સારંગી | હારંગી | હારંજી |

## વાહન વ્યવહાર

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| ખટારો / ટ્રક | ખટારો / લારું | ટરક / લારું |
| સાઇકલ | સાયકલ | સાયકલ |
| ટ્રેક્ટર | ટેકટર | ટેકટર |
| બસ | ગાડી | એસ ટી બસ / ગાડી |
| વિમાન | રીમન | બલૂણ / વિમાન |
| હેલિકોપ્ટર | હેલીકોટર | હેલીકોપ્ટર |
| નાવ | ઊડી, નાવડી | ઉડી,નાવડી / ઉડી |
| દવાખાનાની ગાડી | દવાખાનાની ગાડી | દવાખાના ગાડી |
| જહાજ | જાજ | વાંણ / ઝાઝ |
| હાથગાડી | આથલારી | આઠલારી / આથલારી |
| જીપ | ટભુડી / જીપડુ | ટોરિંગ / જીપ / ટબુંડી |
| રિક્ષા | રિસ્કા | રિસ્કા / રિકશા |
| મોટરકાર | કાર | કાર |
| બળદગાડું | બળદગાડું | બળદગાડું |
| રેલગાડી | રિલવઈ | રેલવે / રેલવઈ / રેલગાડી |
| સ્ટીમર | આગબોટ | સ્ટીમર / આગબોટ |
| સ્કૂટર | કુટર | કુટર |
| ઘોડાગાડી | કુડાગાડી | ઘોડાગાડી |

## ઘર વપરાશની વસ્તુઓ તથા રસોડાના સાધનો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| દિવસ | દન / દાડો | દન / દડો |
| છાપું | સાપુ / પેપર | સાપુ / પેપર |
| ઈસ્ત્રી | પ્રેસ | અસ્ત્રી / પરેશ / ઈસ્ત્રી |
| માટલું | ગુળી / મટકું | ગોળો / માટલું |
| પાણી | પાણી | પાંણી / પોણી |
| કપડાં | સીસરા / સીસરં | લુગડાં / હેથરાં |
| ધોતી | ઠેપાડું / પુતડી | ઠેપાડુ / ધોતિયું / પોતડી |

| | | |
|---|---|---|
| ટુવાલ | અજુરજ્યો | અજુરીયો / ફેટો |
| બનિયન | સેન્ડો / સન્ડો | સેન્ડો / શેન્ડો |
| ચણિયો | કાઘરો / સણયો | સણિયો / ઘાઘરો |
| સાવરણી | જૂડો | હાવરણી / ઝાડું / ઝૂડો |
| બુટ | ખાહડા / જુડા | ઝોડા |
| ખાટલો | ટૂલ્જો / ખાટલો | ઢોલિયો / ખાટલો |
| ખિસ્સું | ગુંજુ / ઘુજો | ગુઝુ / ગુંજો |
| ડોલ | ડુળસી | ડોળસી / બાલદી / ડોળ |
| પગલુછણિયું | પોગ લુસણીયું | પાંગ લુસણીયું |
| દીવો | દિવો | દિવો |
| કબાટ | કબાટ | કબાટ |
| અનાજ દળવાની ઘંટી | કઈટી / લુઠ દળવાનો હંસો | હંસો / સક્કી |
| ખાંડણી | ખાનણી | ખાંચણી |
| સ્વિચ | બટણ | બટણ |
| છત્રી | સતરી | સતરી |
| રસ્સી / દોરડું | રાફ / રાણગું | રાફ / દોયડુ |
| લોખંડની તવી | લુડી / તવી | તવી / લોઢી |
| બોટલ | હીહો | બાટલી |
| શિક્ષક | માસ્તર | માસ્તર |
| ચીમની | સમની | ચમની |
| ચાદર | સાદર | સાદર |
| ધોકો | પાટચ્યુ | ધોઈકણું |
| શાલ | શાલ | શાલ |
| મહિનો | મઈનો | મઈનો |
| અરીસો | કાસ | દર્પણ / કાસ |
| કેરબો | કારબો / પીપડું | કારબો / પીપડું |
| ઘડો | માણ / કડો | માણ / ઘડો |
| બુંદ | ટીપુ / સાટો | ટપકું / ટેપું |
| શર્ટ | બુશટ / ખમીશ | બુશટ / ખમીશ |
| હાથ રૂમાલ | આથ રૂમાલ | હાથ રૂમાલ / આથ રૂમાલ |
| પેન્ટ | હુતડુ / લેંઘો | લેંઘો |

| | | |
|---|---|---|
| સાડી | હાડી / લૂગડું | હાડી / લૂગડું |
| બ્લાઉઝ | કબજો | પોલકું / કબઝો |
| ચંપલ / ચપ્પલ | સંપલ | સંપલ |
| કોથળા | ઠેલા | ઠેલા / બારદન |
| ગોદડું | ગુદડુ | ગોદલું / ગોદડી |
| સ્નાન કરવું | નાવું | ઝીલવું / નાવું |
| ઘોડિયું | ખોયુ / ખુઈ | પારણું / ખોયું / ખોઈ |
| ટ્યુબલાઈટ | ટુબ લાખડી | ટુબ લાકડી / ટુપ લાકડી |
| વહેલો | વેલો | વેલો |
| ચશ્મા | સશ્મા | સશ્મા / સહમા |
| સાંબેલુ | હાંબીલું | હાંબેલુ |
| ટેબલ | ટેબલ | ટેબલ |
| ખુરશી | ખુડશી | ખુડશી |
| પડછાયો | હીળો / શીળો | હીળો / પડસાયો |
| ટોપલી | હુંડી / સંગુડી | સંગોડું |
| સોય-દોરો | હોઈ-દુરો | હાંઈ દોરા |
| સાદડી | હાદડી | હાદડી / મેણીયું |
| પરબિડીયું | કવર | કવર |
| કોઠી | કબલી | કબલી |
| લોટો | કળશ્યો / કળજો | કળશિયો / કળશો |
| ચારણી | સચણી | સાચણી |
| તિજોરી | તીજુરી | તિઝોરી |

| રસોઈના સાધનો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| સાણસી | હાંડહી / હંડહી | હાંડશી |
| કડાઈ | તાવડી | કડાયું |
| ચમચી | સસમી | સમસી |
| ચૂલો | સુલો | સુલો |
| ચપ્પું | સક્કું / સરી | સક્કું / સપ્પુ / સરી |
| દિવાસળી | દિવાહળી | દિવાહળી |

| | | |
|---|---|---|
| બરણી | બૈઈણી | બેઈણી |
| ચાસણી | સાસણી | સાહણી |
| વેલણ | વેલણનો ડાંડો | વેલણનો ડાંડો |
| તપેલી | તપીલી | તપેલી |
| ચમચો | સસમો | સમસો |
| વાડકી | વાટકી | વાડચી / વાટચી |
| વાસણ | રાસડા / રાસડં | ઠોબરાં / વાહણાં |
| આડણી | પાટલી | આડણી / પાટલી |
| કેરોસીન | કેરોસન / કાસતીલ | ઘાસતેલ / ઘાસલેટ |
| ગ્લાસ | ગિલાસ | ગિલાસ / ઝાંમ / પીયાલો |
| સાંબેલું | હાંબીલુ | હાંબેલુ |

| ખેતીના ઓજારો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| હળ | ઓળ | આંળ / અળ / ઓળ |
| કોદાળી | કોદાળી | કાંદાળી |
| ત્રિકમ | ટીકમ | ટીકમ |
| સમાર | હમાર | હમાડ / હમાર |
| દાતરડું | દાતીડું | દાતેડું |
| ધારિયું | તારજું | ધારિયું |
| ખીલી | સુંક | શીલી / સુંક |
| કરબ | કરવડી | કરુડી |
| બળદ હાંકવાની લાકડી | પરુણો | પરુણો |
| દોરડું | રાણગું / રાહ | રાંપડું / રાંપ |
| કોસ | કોહ | કાંહ / અરપૂણી |
| પાવડો | પાવડો | પાવડો |
| પંજેટી / ખોડી | પંજીટી / ખરપેડી / ખંપાળી | ખરપેડી |
| કુહાડી | કુવાડી | કવાડી / કુવાડી |
| ધૂસરી | જુહરુ | ઝુહરૂ |
| માળો | ગેહળો / કહેળો | ગોખલો / જેહલો |
| ખૂરપી / ખપ્પો | ખૂરપી | ખરપડી / ખંપો |

| હથિયારો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| તલવાર | તરગાર | તરવાર / તરવાડ |
| તીર | પાલડી | બાંણ / ભાલોડી |
| ઢાલ | કવસ / ટાલ | ઢાલ |
| ધારિયું | તાંરજું | ધારિયું |
| દાતરડું | દાતીડું | દાતેડું |
| લાકડી | લાખડી / ડીંગ | લાકડી / ડેગો |
| ગદા | ગદા | ગદ્દ્ધા |
| ચાબુક | સાબુક | સાબુક |
| ભાલો | પાલો | ભાલો |
| ધનુષ | તીર કાંમઠુ | તીર કાંમઠુ |
| બંદૂક | બંદૂક | બંદૂક / બંદૂખ |
| કુહાડી | કુવાડી | કવાડી / કુવાડી |
| ચપ્પું | સક્કું | ચાકું / સપ્પુ / સક્કું |
| કાતર | કાતરણી | કાતેર / કાતેણી / કાતરણી |
| ફરસી | વીજણું / વેજણું | ફરસી / વેઝણું |
| ત્રિશુળ | તરહુળ / તરશૂળ | તરહુલ |
| અતેડો | રતીડો | આટેડો |

**વારના નામ / માસના નામ / સંખ્યા જ્ઞાન / વજન લંબાઈના એકમો / તોલમાપના સાધનો / વિવિધ રંગો / વિવિધ આકારો**

| વારના નામ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| સોમવાર | સુમબાર | શોમવાર |
| મંગળવાર | મંગળવાર | મગેળવાર / મંગળવાર |
| બુધવાર | બુદવાર | ભેતરવાર / બુદવાર |
| ગુરૂવાર | ગરુવાર | ગરુવાર / ગુરૂવાર |
| શુક્રવાર | શુક્કરવાર | શુક્કરવાર |

| | | |
|---|---|---|
| શનિવાર | થાવોર / થાવેર | શનિવાર |
| રવિવાર | દિતવાર | દિતવાર / રઈવાર |

| **બાર માસનાં નામ** (ગુજરાતી) | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| કારતક | કારતક | કારતક |
| માગશર | માકસર | માકશર |
| પોષ | પોશ | પોશ |
| મહા | મહા | મા |
| ફાગણ | ફાંગણ | ફાંગણ |
| ચૈત્ર | સૈતર / સૈત્ર | ચૈતર / સૈતર |
| વૈશાખ | વૈશાક | વૈશાખ |
| જેઠ | જિઠ | જેઠ |
| અષાઢ | અહાડ | અહાઢ |
| શ્રાવણ | સાવણ | હાવણ / સાવણુ |
| ભાદરવો | પાદરવો | ભાધરવો |
| આસો | આહો | આહો |

| **બાર માસનાં નામ** (અંગ્રેજી) | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| જાન્યુઆરી | જાન્યુવારી | જાન્યુઆરી |
| ફેબ્રુઆરી | ફેબ્રુવારી | ફેબ્રુઆરી |
| માર્ચ | માર્ચ | માર્ચ |
| એપ્રિલ | એપ્રિલ | એપ્રિલ |
| મે | મે | મે |
| જૂન | જૂન | જૂન |
| જૂલાઈ | જુલાઈ | જુલાઈ |
| ઓગષ્ટ | ઓગષ્ટ | ઓગષ્ટ |
| સપ્ટેમ્બર | સપ્ટેમ્બર | સપ્ટેમ્બર |
| ઓક્ટોબર | ઓકટોમ્બર | ઓકટોમ્બર |
| નવેમ્બર | નવેમ્બર | નવેમ્બર |

| ડિસેમ્બર | ડિસેમ્બર | ડિસેમ્બર |
|---|---|---|

| સંખ્યા જ્ઞાન | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ૧-એક | એક | એક |
| ૨-બે | બે | બે |
| ૩-ત્રણ | તૈણ | તેંણ / તૈણ |
| ૪-ચાર | સ્યાર | સાર / ચાર |
| ૫-પાંચ | પાંસ | પાંસ |
| ૬-છ | સો | સાં |
| ૭-સાત | હાત | હાત |
| ૮-આઠ | આઠ | આઠ |
| ૯-નવ | નોંવ | નઉ |
| ૧૦-દશ / દસ | દહ | દસ / દહ |
| ૧૧-અગિયાર | અજ્યાર | અજ્યાર / અજ્જાર |
| ૧૨-બાર | બાર | બાર |
| ૧૩-તેર | તીર | તેર |
| ૧૪- ચૌદ | સવુદ | સઉદ / સૌદ |
| ૧૫-પંદર | પંનર | પંનર |
| ૧૬-સોળ | હુળ | હોળ |
| ૧૭-સત્તર | હત્તર | હત્તર |
| ૧૮-અઢાર | અરાઢ | અરાડ |
| ૧૯-ઓગણીસ | ઓગણી | ઓગણી |
| ૨૦-વીસ | વીહ | વિહ |
| ૨૧-એકવીસ | એકવી | એકવી |
| ૨૨-બાવીસ | બાવી | બાવી |
| ૨૩-ત્રેવીસ / તેવીસ | તીવી | તેવી |
| ૨૪-ચોવીસ | ચોવી | ચોવી |

| | | |
|---|---|---|
| ૨૫-પચીસ | પચ્ચી | પચ્ચી |
| ૨૬-છવ્વીસ | છબ્બી | સબ્બી |
| ૨૭-સત્તાવીસ | હ્ત્તાવી | હ્ત્તાવી |
| ૨૮ અઠ્ઠાવીસ | અઠ્ઠાવી | અઠ્ઠાવી |
| ૨૯-ઓગણત્રીસ | ઓગણતરી | ઓગણતરી |
| ૩૦-ત્રીસ | તરી | તરી |
| ૩૧-એકત્રીસ | એકત્રી | એકત્રી |
| ૩૨- બત્રીસ | બત્રી | બતરી |
| ૩૩-તેત્રીસ | તીત્રી | તેતરી |
| ૩૪-ચોત્રીસ | ચોત્રી | ચાંત્રી |
| ૩૫-પાંત્રીસ | પાંત્રી | પાંત્રી |
| ૩૬-છત્રીસ | છત્રી | સત્રી |
| ૩૭-સાડત્રીસ | સાડત્રી | હાડત્રી |
| ૩૮-આડત્રીસ | આડત્રી | આડત્રી |
| ૩૯-ઓગણચાળીસ | ઓગણ સાળી | ઓગણચાળી |
| ૪૦-ચાળીસ | સાળી | ચાળી |
| ૪૧-એકતાળીસ | એકતાળી | એકતાળી |
| ૪૨- બેતાળીસ | બેતાલી | બેતાળી |
| ૪૩-તેંતાળીસ | તેતાલી | તેતાળી |
| ૪૪-ચુંમાળીસ | સુમાળી | ચુમાળી |
| ૪૫-પિસ્તાળીસ | પિસ્તાળી | પિસ્તાળી |
| ૪૬-છેતાળીસ | સેતાળી | છેતાળી |
| ૪૭-સુડતાળીસ | સુડતાળી | હુડતાળી |
| ૪૮-અડતાળીસ | અડતાળી | અડતાળી |
| ૪૯-ઓગણપચાસ | ઓગણપસા | ઓગણપસા |
| ૫૦-પચાસ | પસા | પસા |
| ૫૧-એકાવન | એકાવન | એકાવન |

| | | |
|---|---|---|
| ૫૨-બાવન | બાવન | બાવન |
| ૫૩-ત્રેપન / તેપન | તેપન | તેપ્પન |
| ૫૪-ચોપ્પન | સોપ્પન | ચોપ્પન |
| ૫૫-પંચાવન | પંસાવન | પંચાવન |
| ૫૬-છપ્પન | સપ્પન | સપ્પન |
| ૫૭- સત્તાવન | હ્તાવન | હ્તાવન |
| ૫૮-અઠ્ઠાવન | અઠ્ઠાવન | અઠ્ઠાવન |
| ૫૯-ઓગણસાઠ | ઓગણહાઈટ | ઓગણહાઈઠ |
| ૬૦-સાઠ | હાઈટ | હાઇઠ |
| ૬૧-એકસઠ | એકસટ | એકહઠ |
| ૬૨-બાસઠ | બાહીટ | બાહઠ / બાહેટ |
| ૬૩-ત્રેસઠ | તેસટ | તેહટ |
| ૬૪-ચોસઠ | ચોસટ | ચોહેટ |
| ૬૫-પાંસઠ | પાંસટ | પોહેટ |
| ૬૬-છાસઠ | સાસટ | સાહેટ |
| ૬૭- સડસઠ | હણહીટ | હડહટ |
| ૬૮- અડસઠ | અણહીટ | અડસટ / અડહેટ |
| ૬૯- ઓગણસિત્તેર | ઈગ્ગુહિત્તેર | ઈગનુંહિતેર |
| ૭૦-સિત્તેર | હિત્તેર | હિત્તેર |
| ૭૧-ઈકોતેર | એકુતેર | એકુતેર |
| ૭૨-બોત્તેર | બોત્તેર | બોતેર |
| ૭૩-તોત્તેર | તોતેર | તુતેર /તોત્તેર |
| ૭૪-ચુંમોતેર | સમુંતેર | ચમુતેર |
| ૭૫-પંચોતેર | પંસુંતેર | પંચુતેર |
| ૭૬-છોત્તેર | સોત્તેર | છુતેર / છોત્તેર |
| ૭૭-સિત્તોતેર | હ્ત્યુતેર | હિત્તોતેર / હ્ત્યુતેર |
| ૭૮-ઈઠયોતેર | ઈઠયુતેર | ઈઠયુંતેર |
| ૭૯-ઓગણએંશીં | ઇગ્નાએંશી | ઓગણાએંશી |

| | | |
|---|---|---|
| ૮૦-એંશી | એશી | એસી |
| ૮૧-એકયાશી | એકાશી | એકાશી |
| ૮૨- બ્યાશી | બ્યાશી | બાશી |
| ૮૩- ત્યાંશી | ત્યાશી | તાશી |
| ૮૪- ચોર્યાશી | ચોરાશી | ચોરાશી |
| ૮૫-પંચ્યાશી | પંચાશી | પંચાશી |
| ૮૬- છ્યાશી | છયાશી | સાશી |
| ૮૭-સિત્યાશી | હ્ત્યાશી | સત્યાશી |
| ૮૮- ઈઠ્યાશી | અઠ્યાસી | અઠ્યાશી |
| ૮૯-નેવ્યાશી | નિવ્યાશી | નેવાસી / નેવ્યાશી |
| ૯૦-નેવું | નેવું | નેઉ / નેવું |
| ૯૧-એકાણું | એકાણું | એકાંણું |
| ૯૨- બાણું | બાણું | બાંણું |
| ૯૩-ત્તાણું | તાણું | તોણું / તાણું |
| ૯૪-ચોરાણું | સોરાણું | ચોરાણું / સોરાંણુ |
| ૯૫-પંચાણું | પંસાણું | પંચાંણુ |
| ૯૬-છન્નું | સન્નું | સન્નું / છન્નું |
| ૯૭-સત્તાણું | હ્ત્તાણું | હ્ત્તાણું |
| ૯૮-અઠ્ઠાણું | અઠ્ઠાણું | અઠ્ઠાણું |
| ૯૯-નવ્વાણું | નવ્વાણું | નવાંણું / નવ્વાંણુ |
| ૧૦૦-સો | હો | હો |

| વિવિધ રંગો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| લાલ | રાતો | રાતો |
| પીળો | પીળો | અળધરીયો / પીરો |
| ગુલાબી | ગુલાબી | ગુલબી |
| સફેદ | તોળો | ધોળો / ધોરો |

| | | |
|---|---|---|
| આસમાની | પુંરો | વાદળી / ભૂરો |
| કેસરી | કેહરી | કેહરી |
| લીલો | લીલો | હરો / લીલો |
| વાદળી | પુંરો | વાદળી / ભૂરો |
| જાંબુડો | જાંબુડો | ઝાંબુડિઓ |
| કાળો | કાળો | કાળો |
| છીંકણી | સીકણી | કથ્થાઈ / શેંકણી |

## વિવિધ આકારો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| વર્તુળ | ગુળ | ગોળ |
| લંબચોરસ | લંબચોરસ | લંબચોરસ |
| ષટ્કોણ | સોખૂણીયું | ષટ્કોણ |
| લંબગોળ | લંબગુળ | લંબગોળ |
| નળાકાર | નળાકાર | નાળાકાર |
| પિરામીડ | પિરામીડ | પિરામીડ |
| ચોરસ | સ્યારખુણા | સોરસ |
| ત્રિકોણ | તૈણખૂણીયું | ત્રિકોણ |
| શંકુ | શંકુ | શંકુ |
| અર્ધવર્તુળ | અડદ્ગોળ | અર્ધવર્તુળ |
| ઘન | ઘન | ઘન |

## શરીરના અંગો / વિવિધ ક્રિયાઓ / ખોરાક / રેહઠાણ / ખાવા પીવાની વસ્તુઓ / રોજીંદા જીવન વ્યવહારના શબ્દો

## વિવિધ તોલમાપ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| ત્રાજવા | તાકડા | તાજવું / તરાજવું / તાકડા |
| ફૂટપટ્ટી | ફૂટ | ફૂટ |
| ૧૦ ગ્રામ | તોલો / તુલો | એક તોલો |
| ૫૦ ગ્રામ | પાંસ તુલા | પાંચ તોલા |

| | | |
|---|---|---|
| ૨૫૦ ગ્રામ | અચ્છેર | અધ શેર / અચ્છેર |
| ૧ કિલો | બહીર | બહેર |
| ૨.૫૦૦ કિલો | પાંનસીર / એક તાકડી | પાંનશેર |
| ૧૦ કિલો | અધમુણ | અધમણ |
| ૧૫ કિલો | પુણો મુણ | પુણો મુણ |
| વજનકાંટો | વજનકાટો | વજનકાટો |
| થર્મોમીટર | થર્મોમીટર | થર્મોમીટર |
| ૨૦ ગ્રામ | બે તુલા | બે તોલા / |
| ૧.૨૫ ગ્રામ | ફવાહિર | સવાશેર / ફવાહેર |
| ૫૦૦ ગ્રામ | હિર | શેર / હેર |
| ૨ કિલો | સ્યારહિર | ચારહેર |
| 5 કિલો | દસ્સીર | દચ્છેર / દસ્સેર |
| ૨૦ કિલો | મુણ | મણ / વીફ કિલો |

## રોજિંદા જીવનમાં વપરાતા ક્રિયાદર્શક શબ્દો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| વહેલા ઊઠવું | વેલ્લું ઊઠવું | વેલ્લું ઊઠવું |
| દાતણ કરવું | દાતુણ કરવું | દાતણ કરવું. |
| નહાવું | નાવું | નાવું |
| ધોવું | તુંવું | ધોવું |
| જમવું | ખાવું | ખાવું |
| રસોઈ કરવી | ખાવા બણાબ્બુ | ખાવાનું બણાવવું /ખાવા બણાવું |
| કપડાં ધોવા | હીસર તુવં | હેથરાં ધોવાં / સેંથરા ધોવાં. |
| કચરો વાળવો | કસરો વાળવો | રાંઝ કાડવો / કસરો વાળવો. |
| વાસીદું | વાહીદુ | વાહીદુ |
| શેકવું | હિકવું | હેકવું |
| ઘસવું | કહ્વું | ઘેહ્વું |
| બેસી જવું | બીહી જવું . | બેહી ઝવું / બીહી ઝવું . |
| પુરૂં થઈ જવું | મટી જવું / ખુટી જવું. | મટી ઝવું / ખુટી ઝવું . |
| સંતાઈ જવું | ફતાઈ જવું | ફંતાઈ ઝવું / ફતાઈ ઝવું. |

| | | |
|---|---|---|
| છે | હે | હે |
| હસવું | આહ્વું | આહ્વું |
| રડવું | રોવું / રુવું | રોવું / ફાટવું |
| જોવું | જુવું | ઝોવું |
| સૂંઘવું | હુંગવું | હુંગવું |
| ઉપર | ઉપેર | ઉપર |
| નીચે | નીસે | નેસે |
| પાસે | પાહે | પાંહે / પાંહ્ણ |
| કૂદકો | ઠેકડો | ઠેકડો |
| લાત | પાટ્ટૂ | લાટ / પાટ્ટૂ |
| સાથે | હાતી | હાથી / હાતે |
| ચણવું | સણવું | સણવું |
| ઈશારો કરવો | સાળો કરવો | હોંન કરવી. |
| લડાવવું | લડાબ્બુ | જગડાબ્બુ |
| કાઢવું | કાડવુ | કાડવુ |
| લાકડાં | લાખડાં | લાકડાં |
| માટી | ગાર | ગાર |
| નથી | થી | થી |
| કોણ | કૂણ | કૂણ |
| મારવું | મારવું | મારવુ |
| ડૂચો મારવો | ડૂસો મારવો . | ડૂસો મારવો. |
| કેમ છો ? | કિકમ હે ? | ચમ હે ? |
| નખ | નોખ | નોખ |
| ચોપડી | સોપડી | સાંપડી |
| મગ | મોગ | મોગ |
| અડદ | અડદ | અડૂદ / અડદ |
| તુવર | થુવેર | તુવેર / થુવેર |
| સાંભળવું | હાંબળવું | હાંબળવું |
| બેસવું | બેહ્વું | બેહ્વું |
| દોડવું | દોડવું | દોડવું |
| નાચવું | નાસવું-રમવું | નાસવું-રમવું |

| | | |
|---|---|---|
| સુઈ જવું | હુઈ જવુ | હુઈ ઝવુ. |
| બોલાવવું | હાદ કરવો / હાદી કીવું | હાદ કરવો / હાદી કેવું. |
| કાપવું | કાપ્પુ | કાપવુ |
| ખેંચવું | ખીસવું | ખેંસવુ |
| ધક્કો મારવો | તક્ખો મારવો. | ધકેલવું / ઢચેલવું |
| લટકાવવું | ટીંગાડવું | લબડાવવું |
| શીખવું | હીકવું | હીખવું |
| શીખવવું | હિકાડવું | હિખાડવું |
| પહેરવું | પેરવુ | પેરવુ |
| પહેરાવવું | પેરાબ્બુ | પેરાબ્બુ |
| ઘરમાં જવું | કેરમાં જવુ / કોરમાં જવું | ઘરમાં જવું / ઘરમાં ઝા. |
| ચા બનાવ | સા મીલ | ચા મેલ / સા મેલ |
| આગળ | મોરે / અગાડી / આગેળ | મોરી / અગાડી |
| પાછળ | વાંહે / પસાડી | વાંહે / પસાડી |
| ચોખા | સુકા | સોખા |
| બાજરી | બાજરી | બાઝરી |
| કેટલા | કિટલાં | ચેટલાં |
| માણસ | મનખ | મનખ / આધમી |
| ત્યારે | તારે | તારે / તાણી |
| જુવાર | જાર | જવાર / ઝાર |
| ગાદલું | રૂહ વાળું ગુદડું | ગદેલું / ગાદલું |
| ડુંગર | ડુંગરો | ડુંગરો |
| બારણું | બૈણુ / બાયણું | સોચાળું / બાયણું / કમાડ |
| નિશાળ | નિહાળ | નેહાળ |
| રસ્તો | રૂડ | વાટ / રોડ / રસ્તો |
| મહેમાન | પરુણા | પરોણા / પરુણા |
| સાળો | હાળો | હાળો |
| સાળી | હાળી | હાળી |
| સસરા | હાહરો | હાહરો |
| લીમડો | લિમડો | લેંબડો / લેમડો |
| બોરડી | બુર | બોરુ |

| | | |
|---|---|---|
| વડ | વડલો | વઢલો |
| ઝાડ | ઝાડ | ઝાડવું / ઝાડ |
| ટીમરૂં | ટીમરગો | ટીમરું |
| ખજૂર | ખજૂર | ખઝૂર |
| સાપ | હાપ | હાપ |
| માખી | માખ | માંશ |
| મધ | મોદ | માંદ |
| વાંસ | વાંહડો | આંહડી |
| ટોપલો | હૂંડલો / સંગુડી | હૂંડલો / સંગોડુ |
| ભેંસ | પીહું / ડુબુ | ભેંહ |
| બકરી | બુકડી | બોકડી |
| મહુડો | મૂડો / મવુડો | મૂડો / મવુડો |
| સાગ | હાગડો | હાગડો |
| ડાંગર | હાળ | હાળ |
| પપૈયું | કાકડુ | કાકડુ |
| વર-કન્યા | ઓર-લાડી / વોર લાડી | ઓર-કન્યા / વોર લાડી |
| જોરદાર | વટબન / રાગી-રાગી | વટબન |
| આવવું | આબ્બુ | આબ્બુ |
| પથ્થર | પથરો / પાણો | પથરો / પાંણો |
| ખેતર | ખિતર | હેતર |
| સમાચાર | હમાસાર - હમીસાર | હમાસાર |
| ઈન્જેક્શન | અંગીસર / અંજીશન | અંગીસર / અંજીશર |
| ખિસકોલી | ખિલુંડી | શિલોડી |
| ઘાસ | ખોડ | ખાડ |
| સુથાર | હુતાર | હુતાર |
| ચમચી | સસમી | સમસી |
| ઝાંપો | ઝાંફો | ઝાંપલું |

| માનવ શરીરનાં અંગો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| માથું | માથુ | માથુ |

| | | |
|---|---|---|
| આંખ | આંખ | આંશ |
| પગ | પોગ | પોગ |
| જીભ | જીબ | જીબ |
| શરીર | ડીલ | ડીલ |
| કાન | કાન | કાંન |
| સાથળ | હાતોળ | હાથળ |
| મોઢું | મોડું | મુઢ્ઢ |
| હોઠ | ઓઠ / ઉટ | ઓઠ |
| નાક | નખુરું | નખોરું |
| દાઢ | ડાડ / કાઢ | ડાઢ |
| ગરદન | બુસું | ડોકી / ડોકું |
| ઢીંચણ | ટીંસુણ | ઢેસણ |
| એડી | એડી | એડી / પાંની |
| નખ | નોખ | નાંખ |
| કપાળ | લીલાડ | લલાટ |
| ચામડી | સામડી | સાંબડી |
| પીઠ | વાંહો | વાંહો / આંહો |
| પેટ | પીટ | પેટ |
| નાભિ | ડૂંટી | ડૂંટી |
| કમર | કેડ | કેડ |
| નસ | નોહ / નેહ | નોહ |
| બગલ | કાંખબલાઈ | ખાંખલી |
| જઠર | ઉંજરું | ઓઝરી / ઓજરું |
| ફેંફસું | ફેફરું | ફેફરું |
| હાડકું | આટકું | આટકું |
| શ્વાસ લેવો. | હાહ લીવો / હા લીવો . | હાહ લેવો . |
| બોડું | સાંદરું | બોડું |
| આંતરડાં | આતરા | આંતેડા / આંતરાં |
| થાપો | થાપો | થાપો |
| ગળું | કુઘળું | ડોકું / ગોગળો |
| આંગળી | આંગળી | અંગળી |

| | | |
|---|---|---|
| કાંડું | કાંડુ | કાંડુ |
| હથેળી | આથળી | આથોળી / આથળી |
| કોણી | કુંણી | કોણી / કુંણી |
| વાળ | વાળ | વાળ |
| અંગુઠો | આંગુઠો | અંગોઠો / આંગુઠો |

| રહેઠાણ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ઘર | કેર | ઘાંર |
| દર | દોર / પુલ | દાંર / બાંલ |
| બખોલ | પામ | બાખોલું |
| તબેલો | તબેલો | તબેલો |
| ખેતર | વાડો | વાડો / કાંડીયું |
| ઝૂંપડી | ઝૂંફડી / ઓડો | ઝૂંપડી / ઓડો |
| માળો | કેંહળો | માળો |
| કોઢ | કોડ / કોડ્જ્યુ | કાંડ / સાંખંડી |
| જંગલ | ડુંગરો | વગડું |

| ખાવા પીવાની ચીજો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| મકાઇ | મકી | મકી / મકાઇ |
| ભાત | સુકાં | સોખા |
| સીતાફળ | અંદુરૂ / ઈંદુરૂં | સીતાફળ / અંદુરૂ |
| કેળું | કીળું | કેળું |
| નારિયેળ | નારોળ / નારેળ | નારિયોળ |
| તડબુચ | ખડબુસું | ખડ્બુસ |
| જામફળ | જામફોળ | જાંમફળ |
| ચણીબોર | સણીબુર | સણીબોર |
| ખારેક | ખારેક | ખારેશ |
| બટાટા | બટાકં | બટાકો |
| ભીંડા | પીંડા | ભેંડા |

| | | |
|---|---|---|
| દૂધી | નઈ | નઈ |
| લસણ | લહણ | લહણ / લાંહાંણ |
| લોટ | લુંઠ | લોઠ |
| બિસ્કિટ | બિસ્કુટ | બિસ્કુટ / બિસ્કોટ |
| દ્રાક્ષ | દરાખ | દરાખ |
| પપૈયું | કાકડું | કાકડું |
| સોપારી | હોપારી | હોપારી |
| લીંબુ | લીંબુ | લેંબુ / લેમ્બુ |
| ધાણા | તણા | ધાણા |
| શિંગોડા | હીંગુડાં | હેગોડાં |
| રાયણ | રૈણ | રાયણા |
| રીંગણ | રીંગણું | રેગણાં |
| ફુલાવર | ફુલેવર | ફુલેવર |
| મીઠો લીમડો | મેઠો લીમડો | મેઠો લેમડો |
| સરગવાની શીંગ | હરગવાની હીંગ | હરહો ની હેજો |

| રોજીંદા જીવન વ્યવહારના શબ્દો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| લાકડાં | લાખડાં | કાઠીયાં / લાકડાં |
| પૂરું થઈ જવું | મટી જવું | મટી ઝવું. |
| છે | હેં | હેં |
| મજૂરી | દાડી | મઝૂરી / દાડી |
| કોણ | કુણ | કુણ |
| સૂંઘવું | હુંગવું | હુંગવું |
| જોવું | જુવું / પાંળવું | ઝોવું |
| લડાવવું | લડાબ્બું | લડાબું |
| રોકવું | રુકવું | રોકવું |
| માટી | ગાર | ગાર |
| સંતાઈ જવું | હતાઈ જવું | હંતાઈ ઝવું. |
| રડવું | રુવું | રોવું / ફાટવું |
| નથી | થી | નહીં / થી |

| | | |
|---|---|---|
| બેસવું | બિહ્વું | હોન કરાવી. |
| કાઢવું | કાડવું | કાડવું |
| સાંભળવું | હમળવું | હાંબળવું |
| ઘસવું | કહ્વું | ઘેહ્વું / ઘહ્વું |

| **પ્રાણીઓ / પક્ષીઓ / જીવજંતુઓ** | | |
|---|---|---|
| **પ્રાણીઓ** | | |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ગાય | રીંડી | રેડી / ગાય |
| બળદ | બળદ | બલ / બલદીયો |
| ઘેટું | કીટું | જેટું / ગાડરું |
| ઊંટ | ઊટડું | ઊંટ / ઊટડું |
| હાથી | આથી | આથી |
| સસલું | હાડું | હાહ્લું / હાડું |
| ચિત્તો | સિત્તો | ટેભરીયો વાઘ / ચિત્તો |
| શિયાળ | હિયાળ | હિયાળ |
| ખિસકોલી | ખિલુડી | શિલોડી |
| કાચબો | કાસબો | કાસબો |
| નોળિયો | નોળજ્યો | નોળિયો / નોળવું |
| અળસિયું | અળજ્યું | અળાયું |
| કૂતરો | કૂતરું | કૂતરું |
| રીંછ | રીંસ | રેસ / રેશડું |
| ભેંસ | પાડી | ભેંહ / પાડી |
| બકરી | બોકડી / બુકડી | બોકડી |
| ગધેડું | ગદેડું | ગધેડુ / ખોલું |
| બિલાડી | બલાડી | મીદડી / બલાડી |
| ઉંદર | ઉંદરો | ઉંદેડો / ઉંદરો |

| | | |
|---|---|---|
| વાઘ | વાગ | વાગ |
| રીંછ | રીંસ | રેસ / રેશડું |
| વાંદરો | માંકડું | આંદરો |
| મગર | મગોર | મગોર |
| માછલી | માસલી | માસલી |
| અજગર | અઝગર | અજ્જોર |
| દેડકો | ડેટકો | ડેટકો |
| હરણ | હરણ | શેકારી |

| પક્ષીઓના નામ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| કબૂતર | પારેવડું | પારેવું |
| પોપટ | ઊડો | હુડો |
| બુલબુલ | અડુટી / અડજ્યો | અડીયો |
| મરઘી | કુકડી | કુકડી |
| દેવચકલી | દીવી | દેવી |
| મરઘો | કૂકડો | કૂકડો |
| લાવરી | લાવડી | લાબડી |
| કાબર | ટિબેર | ઢેબર |
| કોયલ | કોયલ | કોયલ |
| વાગોળ | વાગુળ | વાગોળ |
| સારસ | સારસ | કુંજડુ / હાહરી / ઢેકડો |
| બાજ | બાજ | બાજ / હિસાંણી |
| ગરુડ | ગરુડ | ગરુડ |
| બગલો | બગલું | બગલો |
| મેના | લેલું | મેના |
| સુગરી | હુગરી | હુઘરી |
| કલકલિયો | કલકલિયો | કલકલિયો |
| લક્કડખોદ | લક્કડખોદ | ટાકણીયો |
| કાંકણસાર | કાંકણસાર | કાંકણસાર |
| ગીધ | ગરદ | ગરજણ / ગરજ |

| | | |
|---|---|---|
| ચકલી | સકલી | સકલી |
| મોર | મુર | મોરલો |
| સમડી | હ્રામળી | હાંમળી / હમળી |
| ઢેલ | ટેલ | ઢેલડી / ઢેલ |
| ટીટોડી | ટીટુડી | ટેટોડી |
| તેતર | કટીલો | તેતર |
| દરજીડો | દરજીડો | પેંદોલી |
| ચાતક | દેવતરીહ્યો | દેવતરહ્યો |
| ઘુવડ | કુંવોડ | ઘુવડ |
| ચામાચિડીયું | સામાસકલું | સમસમલિયુ |
| બતક | બતોક | બતક |
| હંસ | હંસ | હંસ |
| સારસ | હરહેડી | હરહેડી |

## જીવજંતુઓનાં નામ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| સાપ | હાપ | હાપ |
| મંકોડો | મકુડો | મકોડો |
| કાંચિડો | કરગીટો | કચેંડો |
| વીંછી | વીસુ / વેસુ | વેસુ / વેસી |
| પતંગિયું | ફૂદી | ફૂદી |
| માખી | માખ | માંશ |
| મધમાખી | મોદ | માંદની માંશી |
| આગિયો | આગિયો | તંજો |
| માંકણ | માંકુણ | માંકણ |
| અળસિયું | અળજ્યું | અળાયું |
| બગાઈ | બગઇ | બગાઈ |
| કીડી | કીડી | ચીડી |
| ગરોળી | કવળી | ગરોળી |
| કરોળિયો | કરુળ્યો | કરોળિયો |
| લાલ કીડી | પાદીણ | પાદણચીડી |

| | | |
|---|---|---|
| ઈયળ | ઈયોળ | ઈયોળ |
| મચ્છર | લુસુ / મસરુ | મશરુ |
| તીડ | ટીડ | ટીઢલું |
| ચાંચડ | સાસોડ | સાંસડ |
| જૂ | જૂવ | ઝૂ |
| ઉધઈ | ઉદઈ | ઉઘેઈ |
| ભમરી | પમરી | ભમરી |

| ફળો / ફૂલો / શાકભાજી / અનાજ / વૃક્ષો | | |
|---|---|---|
| **શાકભાજીના નામ** | | |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| બટાકા | બટાકં | બટાકું |
| આદું | આદું | આદું |
| મરચું | મરસું | મરસું |
| લસણની ભાજી | લહુણની પાજી | લહણની ભાઝી |
| વાલપાપડી | ઝાલર | ઝાલરા / ઝાલર |
| કારેલું | કારેલું | કારેલું |
| વટાણા | વટણાં | વટાંણા |
| ભીંડા | પીંડા | ભેડો / ભેઢો |
| કોથમીર | તણા | ધાણા |
| મૂળો | મૂળો | મૂળો |
| બીટ | બીટ | બીટ |
| રીંગણ | રીંગણું | રેગણાં |
| દૂધી | નઈ | નઈ |
| ચોળી | સોળી | સોળી |
| તુવેર શીંગ | થુવેર હીંગ | તુવેરોની હેજો |
| સરગવાની શીંગ. | હરગવાની હીંગ. | હરગવાની હેજો |
| કોળું | કુળુ | કોળું |

| | | |
|---|---|---|
| મીઠો લીમડો | મેઠો લીમડો | મેઠો લેમડો |
| દેશી પરવળ | તુરીયા | ઝૂમકાતરીયાં / તુરીયા |
| તાંદેલો | ટીમડો | તાદલજો |
| રતાળું | રતાળું | રતાળું |
| લસણ | લહણ | લહણ |
| કાંદાગોળા | કાંદાગુળું | કાંદાગોળા |
| મૂળો | મૂળો | મૂળો |
| સૂરણ | હુરણ | હુરણ |
| ફણસ | ફણહ / ફણસ | ફણહ / ફણસ |
| ગાજર | ગાજર | ગાજર |
| વાલોળ | પાપડી | વાલ્યોળ |
| કોબીજ | કુબી / ગોબી | કુબી / ગોબી |
| પાલક | પાલેખ | પાલેખ |
| ટામેટું | ટાંમેટુ | ટાંમેટા / ટામેટું |
| શક્કરિયું | શંકરજ્યું / શકરજુ | શંકરિયું |
| કેપ્સિકમ | ભોગરાં મરચાં | ભોટવા મરસાં |
| સુવાની ભાજી | હવાની પાજી | હવાની ભાઝી |
| ગવાર શિંગ | ગુવાર હિંગ | ગવાર ની હેજો |
| ફ્લાવર | ફુલેવર | ફુલેવર |
| ઘિલોડા | ટીંડુરાં | ટેડુરાં |
| ચીલની ભાજી | સીલની પાજી | ચીલની ભાઝી |
| મુશળી | મુહળી | મુહળી |
| મેથીની ભાજી | મેથીની પાજી | મેથીની ભાઝી |
| તાંદળજા | ટીંમડો | ઘેભડો |

## ફળોના નામ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| દ્રાક્ષ | દરાખ | દડાખ / દરાખ |
| અનાનસ | અનાનસ | અનાનુસ |
| શક્કરટેટી | ટીટી | ટેટી |
| ચેરી | ચેરી | ચેરી |

| | | |
|---|---|---|
| ચીકુ | સીકુ | ચીકુ |
| પપૈયા | કાકડા | કાકડા |
| જામફળ | જાંમફોળ | જાંમફળ |
| કાજુ | કાજુ | કાઝુ |
| બોર | બુરું | બોર / બોરાં |
| ખજૂર | ખજૂર | ખઝૂર / ખજુરાં |
| ગોરસ આમલી | આંબલી | ગોરસ આંબલી |
| આમળા | આમળા | આંમલાં |
| કંથારા | કંથારા | કંઠારાં |
| કોઠું | કુઠું | કાંઠું |
| ખારેક | ખારેક | ખારેસ |
| રાયણાં | રૈણ | રાયણાં |
| મોસંબી | મુસંબી | મોસંબી |
| ડાંગરુ | ડાંગરુ | ડાંગરુ |
| રાતી દ્રાક્ષ | રાતી દરાખ | રાતી દરાખ |
| નાળિયેર | નારેળ | નારિયોળ |
| શિંગોડા | હિંગુડા | હેંગોડાં |
| અખરોટ | અખરોટ | અખરોટ |
| સીતાફળ | અંદુરુ / ઈંદુરું | અંદુરુ |
| દાડમ | ડાડમ / દાઢમ | ડાડમ / દાઢમ |
| કેરી | કેરી | કેરી |
| જાંબુ | જામગા | ઝાંબાં |
| તડબૂચ | ખડબુસું | ખડબુસું |
| મગફળી | મોફળી / મફળી | મોફળી / માંફ્લી |
| બદામ | બદમ | બદમ |
| ટીમરું | ટીમરગું | ટેભારાં |
| આંમલી ખાટી | ખાટાં આંમલાં | ખાટા આંબલાં |
| ગુંદા | ગુંદ | ગુંદ |
| ચણી બોર | સણી બોર | સણી બોર |
| આકલા | આંકલાં | આંકલાં |
| લીંબુ | લીંબુ | લેબૂં |

| | | |
|---|---|---|
| ચીભડું | સીબડું | ચીભડું / ચીચણ |
| શેરડી | હાંટો | હાંઠા / પેરાય |
| આલુ બદામ | આલુ | આલુ |

| વૃક્ષોના નામ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| સાગ | હાગ | હાગ / હાગડો |
| વાંસ | વાંહડો | વાંહૂડો / આંહડો / વાંહડો |
| લીમડો | લીમડો | લેમડો |
| બદામ | બદમ | બદમ |
| ચીકુડી | સીકુંડી | ચીકુંડી |
| ટીમરૂ | ટીમરગો | ટેભરો |
| પીપળો | પીપળો | પીપળો |
| બોરડી | બુર | બોયડી / બોર |
| સરગવો | હરગવો | હરગવો |
| સાદડ | હાદોડ | લેબુડી |
| જામફળી | જાંમફોળી | જાંમફળી |
| નારિયેળી | નારેળી | નારીયોળી |
| ઇગોર | એગોરું | એગોરું |
| બહેડો | બેડો | બેડો |
| ગુગળ | ગુગળ | ગુગળ |
| પીળું ચંદન | પીળું સંદન | પીળું સંદન |
| દાડમડી | દાડમડી | દાડમ |
| ધાવડો | તાંવડો | ધાંવડો |
| રાયણ | રૈણ | રાંયણી |
| તાડ | તાડ | તાડ |
| આંકડો | આંકડજ્યો | આંકલો / આંકદજ્યો |
| સરેડો | હરેડો | હરેડો |
| કદમ | કદમ | કદમ |
| અરડૂસો | અડુહી | એડુહી |
| પપૈયું | કાકડું | કાકડું |

| | | |
|---|---|---|
| મહુડો | મવુડો | મુડો / મઉડો |
| નીલગિરી | લીલગર | નીલગરી / લીલગરી |
| આંમલી | આંબલી | આંબલી |
| આંબો | આંબો | આંબો |
| ખજુરી | ખઝુરી | ખઝુરી |
| ગોરસ આંમલી | આંમલી | આંબલી |
| કરાંજ | કણજી | કણજો |
| કેળ | કિળ | કેળી |
| સેવન | હેવન | સવન / હેવન |
| શીમળો | હીમળો | હેમળો |
| અરડુસો | અડુહો | એડુહો |
| હળદર | અળદુ | અળધરવો |
| મૂણો | મૂણો | મૂણો / મુલેડો |
| સીતાફળ | ઈંદુરુ | / અંદુરુ |
| જાંબુડો | જાંબો / જામગો | ઝાંબો |
| કણજી | કણજ | કણજી / કણજ |
| ફણસ | ફણહ | ફણસ / ફણહ |
| ખાખરો | ખાકરો | ખાખરો |
| સમડી | હામળી | હમળી / હામડી |
| ગુલમહોર | ગુલમોર | ગુલમોર |
| સંઘેડો | હંદિડો | હંદેડો / હંઘેડો |
| અરીઠાં | અરીંડ | અરીઠાં |

## ફૂલ છોડના નામ

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| ગુલાબ | ગુલાબ | ગુલાબ |
| કમળ | કમળ | કમળ |
| સૂર્યમુખી | સુરજમુખી | સુરજમુખી |
| ચંપો | સંપો | સંપો |
| લજામણિ | લજમણી | લજમણી |
| ડમરો | ડમરો | ડમરો |

| | | |
|---|---|---|
| ધતુરો | તત્તુરો | ધનતુરો |
| આવળ | આવળ્જ્યો | આવળીયો |
| કરેણ | કરેણ / કૈણ | કરણ |
| સતાવરી | હતાવરી | હતાવરી |
| ઘાસ | ખોડ | ખોડ |
| અવળચંડી | અવળસંડી | અવળસંડી |
| ચા | સા | સા |
| રતનજ્યોત | રતનઝુદા | રતનઝાડ |

| અનાજના નામ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ઘઉં | ઘૂં | ઘઉ |
| ડાંગર | હાળ | હાળ |
| બંટી | બૈઇટી | બંટી |
| તુવેર | થુવેર | તુવેર |
| મગફળી | મોફળી | મંફળી |
| રાઈ | રાયડો | રાય / રાયડો |
| અજમો | અજમો | અઝમો |
| વટાણા | વટણા | વટાંણા |
| રાજમાં | રાજમાં | રાજમાં |
| જુવાર | જાર | ઝાર |
| મકાઇ | મકી | મકી |
| મકાઈના ડોડા | મકીના ડુંડા | ડોડીયો |
| અડદ | અડદ | અડદ |
| ચોળી | સોળી | સોળી |
| મેથી | મેંથી | મેંથી |
| ચોખા | સુકા | સોખા |
| મઠ | મઠ | મઠ |
| શણ | હુણ | શણ / સૂણ |
| જીરું | જીરું | ઝીરું |
| એરંડો | અરીંડો | દિવેલા |

| | | |
|---|---|---|
| સરસો | રાયડો | ફરફો |
| ચણા | સણા | સણા |

## <u>ધોરણ ૧ ના ગુજરાતી વિષયના એકમોમાં આવતા શબ્દોનું પ્રાદેશિક ભાષામાં રૂપાંતર</u>

### એકમ ૧ અજબ જેવી વાત છે.

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| માથું | માથું | માથું,ભોડું, |
| નાક | નખુરૂં | નાખોરુ |
| પગ | પોગ,ટાંચ્યો | પોગ,ટાંટિયો |
| કાન | કાન | કાન,કાંન |
| ખભો | ખાબો | ખભો,ખંભો |
| ગળણી | ગઈણી | ગૈયણી |
| ઘુંટણ | કુંટણ | ઘુંટણ,ઘૂટું,ઘૂંટી |
| ગાડું | ગાડું,વેલડું | ગાડું,વેલડું, ગાઢલું |
| નમન | વંદન,નમું | વંદન,નમું,નમો,પાયે લાગુ, પગે લાગું |
| જલેબી | જલાબી | જલેબી |
| જાગ | ઉઠ, બિઠો થા. | ઉઠ, બેઠો થા. |
| નાવ | ઉડી / નાવડું | હોડકું,હોડકી,નાવડું,હોડી |
| ગાલ | ગાલ | ગલકું,ગલાકું |
| હોઠ | ઊટ | ઓઠ |
| આંગળી | આંગળી | આંગળી |
| અંગૂઠો | અંગૂઠો | અંગોઠો |
| કાંડુ | કાંડુ | કાંડુ |
| મરચું | મરસું | મરસું |
| માળા | પારા | કંઠી,મણકા,પારા |
| હાથી | આથી | ગજ,આથી |
| જાન | જાન | ઝાંન |

| | | |
|---|---|---|
| મજા | મજા | મઝા |
| મામા | મામો | મામો,માંમો,માંમા |
| જમવું | ખાવું | જમણ,ખરસ |
| આંખ | આંખ | આંશ |
| દાંત | દાત | દાંત |
| પેટ | પીટ | પેટ |
| હાથ | આથ | આથ |
| કોણી | કુંણી | કુંણી |
| નગારું | નગારું | નંગારું |
| જમરૂખ | જમરૂખ | જમરૂખ |
| જાસૂદ | જાસૂદ | જાસૂદ |
| મગ | મોગ | માંગ |
| નામ | નામ | નાંમ |
| મગજ | ખુપરી | મગઝ |
| ગગન | અગાશ,આબ | અગાશ,અભલું |

| એકમ ૨. આવ રે વરસાદ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| શિયાળો | હિયાળો | હિયાળો |
| પસ્તાવું | વસ્યારવું | પસ્તાવું / વિસારવું |
| વાદળ | વાદળું | વાદળું |
| રમવા | રમ્મું | રમવા ,રમ્વા, રમ્મું |
| રમકડાં | રમકડા | ઢીંગલાં |
| રેસા | દુરા | દોરા / તાર |
| દવા | દવા | દવા |
| ધુમ્મસ | કુમ્મસ | ધાંધળું / ધુહ્રા |
| પલાયન | નાહી જવું | નાહી જવું / નાહી સૂંટો. |
| ગાજર | ગાજર | ગાજર |
| હોડી | ઉડી / નાવડી | ઉડી / નાવડી |
| રેડિયો | રેડજ્યો | રેડિયો |

| | | |
|---|---|---|
| સેવ | હિવ | હેવ |
| ઉછાળવું | ઉલાળવું | ઉલાળવું |
| જાંબુ | જામગું | જાંમ્બાં |
| મગર | મગોર | મગર / મગોર |
| ડાળી | ડાળું | ડાળખુ / ડાળું |
| રીંછ | રીસ | રેસ / રેશડુ |
| સાગ | હાગ / હગડો / હાગડો | હાગ / હાગડો |
| સાવજ | સિહ | સિહ |
| દેડકો | દેડકો / પેંધો | ડેટકાં / ભેદો |
| દેવ | પગવન | ભગવાન |
| ગર્જના | ત્રાડ | ગાઝવું |
| ચારેબાજુ | સ્યારે બાજુ | ચારે પા |
| વૃક્ષ | ઝાડ | ઝાડ |
| જા | જતો રે | ઝતો રે. |
| સગડી | સગડ | સગડી / હગડી |
| દરવાજો | બાયણું / કમાડ | બાયણું / કમાડ |
| સવાર | હવાર / દાડો ઉજ્યો . | હવાર / દાડો ઉજ્યો. |
| અદ્રશ્ય | હતાઈ જવું. | દેખાયનાઈ / હંતાઈ જવું. |
| વાનર | વાંદરો | વાંદરો / આંદરો |
| રાજા | રાજા | રાઝા |
| વેલણ | વેલણ | વેલણ |
| રેલગાડી | રીલવઈ / રીલવાઇ | રેલવઈ |

| એકમ ૩ મને વહાલા બા | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| છત્રી | સતરી | છતરી / સતરી |
| એલચી | એલસી | ઈલાયચી |
| ગાદલું | ગુદડું | ગાડ્લું |
| બરણી | બૈણી | બૈણી |
| સુવડાવે | હુવાડે | હુવડો |
| પૂંછડી | પૂંસડી | પૂંસડી |

| | | |
|---|---|---|
| આગગાડી | રીલવઈ / રીલવાઇ | રેલવઈ |
| બેન | બૂન / બાઈ | બૂન / બાઈ |
| નવા | નવું | નવું |
| વાર્તા | વારતા | વારતા |
| બકરી | બુકડી | બોકડી |
| આગબોટ | આગબુટ | આગબોટ / મોટી ઉડી |
| કાગડો | કાગડો | કાગડો / કાગ |
| અવાજ | બંખુરો / બખોર | અવાજ / ડખો |
| બા | માડી | માડી / માં |
| ખિસકોલી | ખિલુડી | ખિલોડી / સિલોડી / ખિલ્લી |
| કમળ | કમળ | કમળ |
| એરણ | એરણ | એરણ |
| બદામ | બદામ | બદામ |
| આકાર | આકાર | આકાર |
| અનાજ | દાણા | દોંણા |
| દાદો | ગયડો બાપો | ગેડો બાપો / મોટો બાપો |
| છબી | ફુટો | ફોટો |
| કાબર | ટીંબેર | ઢેભર |
| મધપૂડો | મોંદ | મોંદ |
| સાબર | શેકારી | શેકારી |
| સાયકલ | સાઈકલ | સાયકલ |
| અજગર | અજગોર | અજગર / અજ્જોર |
| આકાશ | અગાશ | આભ / અભલું / અગાશ |
| દાડમ | ડાડમ | દાડમ / ડાડમ |
| બસ | ગાડી | ગાડી / એસ.ટી |
| દાદી | મુંટી આઈ / ગઇડ મ | મોટી મા / ઘેડી મા |

## એકમ ૪ સંપ તો રળવા પડે

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| પતંગ | પતિંગ | પતિંગ |
| કીડી | કીડી | કીડી / ચીડી |

| | | |
|---|---|---|
| ઇનામ | ઈનાંમ | ઈનાંમ |
| કાળી | કાળી મેંહ | કાળી મેંહ / કાજળ |
| નાખ્યાં છે | નાસ્યાં હે | નાસ્યાં હે / નાસાંહી |
| પીપળો | પીપળો | પીપળ |
| નિસરણી | નિહરણી | નેહરણી / નિસોણી |
| છે | હેં | હેં |
| ડમરું | ડમરું | ડમરું / ડાકલું |
| સિપાહી | સપાઈ / તકડાં | સપાઈ / તરકડાં |
| નાવડી | ઊડી | ઉડી / નાવ / નાવડું |
| ત્રાજવું | તાકડું | તરાજવું / તોલું / તરાજાં |
| ઇસ | ઇહ | ઇહ |
| દીપક | દીવો | દીવો / દિવડો |
| આપો | આલો | આલો |
| નજીક | ટીકે | લગ / પોંહણ / પાહેં / ટેકે |
| ઈયળ | ઈયોળ | ઇયોળ / કીડો |
| તીડ | ટીડ | ટીડલું / ટીડ |
| આવે છે. | આવે હે. | આવે હે. |
| યુક્તિ | ઉપાય / આવડત | ઉપાય / આવડત |
| તિરાડ | તેડ | તેડ |
| કજિયો | જઘડો | ઝગડો |
| પારેવાં/કબુતર | પારેવડું | પારેવડું |

| **એકમ ૫ ટોપીવાળો ફેરિયો** | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| લસણ | લહણ | લહણ |
| ગીત ગા | ગીત ગા. | ગાઈન ગા. |
| પિચકારી | ફીસકારી | ફીસકારી |
| પૈસા | રૂપિયા | રૂદીયા |
| રમીએ | રમજે | રમ્યે |
| દૈનિક | દાડાનું | દાડાનું / દાડીનું |
| બિલાડી | બલાડી | બલાડી |

| | | |
|---|---|---|
| ખલ | ખાંડણી | ખાંડણીયો / ખાડણો |
| મકાન | કેર | ગાંર / ઘર |
| ખેતર | વાડો | હેતર / વાડો |
| ચકલી | સકલી | ચકલી / સકલી |
| જમવા | ખાવાં | ખાવા |
| લપસણી | લહ્ટવાનું | લહ્ટણી |
| વૈદ | બડવો / પુફો | વેદ / ઝાંણકાર |
| મને આપ | મની આલ | મને આલ / મની આલ. |
| શક્કરટેટી | ટીટી | શકકરટેટી / ગોટો |
| બારમાસી | બારમાહી | બારમાહી / બારેમાહ |
| સારા | હારા | હારા |
| વટાણા | વટણાં | વટણા |
| લખોટી | લખુટી | લખોટી |

## એકમ ૬ લાલ પીળું

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| મારું ઘર | મારું કેર | મારું ઘર |
| ઝુંપડી | ઉચડી / ઓડો | ઓયડી / ઓઢો |
| મારી વસ્તુ છે. | મારી વસ્તુ હે. | મારી વસ્તુ હે. |
| હરણ | હરણ | શેકારી / હરણ |
| હુક | ઊંક | અક / આંકડો |
| ગમે છે. | ગમે હે. | ગમે હેં. |
| ઉધઈ | ઉધાઈ | ઉધેવ |
| મોટું | મુટું | વડું / મોટું |
| મોરલી | વાંહળી | આંહળી / વાંહળી / પિહી |
| ઉજાસ | ઈજગાળું | અંઝોડુ / અજવાળું |
| ઘટાદાર | મુંટું | ઘમઘોટ / ઘમ્મરઘોટ |
| ધજા | નીજા | ધધા / પતાકા / નેઝો |
| અનુકૂળ | માફક | અનુકૂળ / પાંહરુ |
| આજુબાજુ | આહે-પાંહે | આઝુબાઝૂ |
| સૂરજ | સૂરચો | સૂરજ / દન |

| | | |
|---|---|---|
| ઝાકળ | ઝાંખોળ | ઝાંખળ |
| ઝરણું | વેળો | વેળુ / કોતેડું |
| ઘુઘરી | કુઘરી | ઘુઘરી / ગુંગરી |
| ઉંટ | ઉંટ | ઉંટડું / ઉંટ |
| નાની વસ્તુ | ઝીણી વસ્તુ | જેણી વસ્તુ / નાંની વસ્તુ |
| ઝભલું | ફરાક | ફરાક |
| ઉંદર | ઉંદરો | ઉદેડું / ઉંદરો |
| વાગે છે. | વાગે હે. | વાગે હે. |
| મરઘી | કુકડી | કુકડી / ટેગરી |
| હુકમ | ઉકમ / ઓડર | ઓડર / ઉકમ |
| તળાવ | તળાવ | તલાવ |
| કુમાર | જુવન | કુમાર / ઝવન |
| કાંસકો | કાંહકો | કાંહકો |
| ઉજાણી | ઉજબ્બું | ઉઝાંણી |
| ઈલાજ | દવા | ઉપાય / ઇલાઝ |

| એકમ ૭ કુલણજી કાગડો | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ટેલિવિઝન | ટી.વી. | ટી.વી. |
| ધમાલ | તમાલ | થમાલ / ગાંડાલ / મસ્તી |
| ફટાકડા | ટુંટા | ટુટા / ટોટા |
| યજ્ઞ | અવન | હોમ / હવન |
| ઔષધાલય | દવાખાનું | દવાખાનું |
| કાનડો | કાન | નેંડાડો / લેંડાડો |
| પૌરાણિક | જુનું | જુનું |
| દેડકો | ડેટકો / પેધો | ડેડકો / ભેંદો |
| નૌકાં | ઊડી / નાવડી | હોડકસ |
| મોજડી | મુજડી | મુજડી |
| ભાર | પાર | ફાર / વજન / પાર |
| બોર | બુર | બોર |
| ભયભીત | બીકણ / બી જઈલું. | બીકણ / ડરપોક |

| | | |
|---|---|---|
| ધીરજ | ખમ | ખામ |
| છોકરી | સુરી | છોરી / છુરી / છોડી |
| મૌખિક | મોડે મોડે | મુઢે |
| આયોજન | ગુંઠવણી | ગોઠવણ |
| ગાડી ચલાવ. | ગાડી સલાડ / ગાડી આખ. | ગાડી સલાવ / ગાડી ફેરવ / ગાડી આક. |
| ધતૂરો | તતુરો | ધનતૂરો |
| નોકર | લુંડો | નાંક્કર / લુંડો |
| છોકરો | સુરો | સોરો / સીયો |
| ઘડિયાળ | કડજાળ | ઘડીયાર / ઘડીયાળ |
| ભમરડો | પમીડો | ભમેડો |
| ઓટલો | ઊટલો | સાંતરો |
| ધોકો | પાટચ્યું | પાટીયું / ધોઈકણુ |
| ભરોસો | ભરુહો | ભરોહો |
| ઓશીકું | ઓશીકું | ઓહિકું |
| ચૌદ | સવુદ | સવુદ |
| ઓજાર | ઓજાર | આંઝાર / શાધનો |

| એકમ ૮ હું પણ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ઢગલો | ટગલો | ઢગલો |
| ચકડોળ | ખાટલી / સકડોળ | સકડોળ / સડગોળ |
| ડાળી | ડાળું | ડાંખળી / ડાળું / ડાળખી |
| પતંગ | પતેંગ | પતીંગ |
| માળો | કેહળો | જેહલો / ગોખલો |
| ઢોકળાં | ટુંખળં | ઢોકળાં |
| પતંગિયું | ફૂદી | ફૂદી |
| ઢીંગલી | ટીગલી | ઢીંગલી |
| છળીયો | શીતરવું | ઠગ / લૂટણીયો |
| થાળી | થાળી | સાલીયું |
| ભમરો | પમરો | ભમરો |

| | | |
|---|---|---|
| પાઘડી | પાગડી | પાગડી / ફેટો / શાફો |
| કપડાં | સીસરા | લૂગડાં / હેથરાં |
| ઢાંકણ | ટાંખણ | ઢાંકણ / ઢાંકણુ |
| ગુંજન | ગણ ગણ | ગુંજન / ગણ ગણાટ |
| શંખ | શંખ | શંખ |
| દૂધી | નઈ | નયું |
| દાદા | ગડો બા / ગઈડો બાપો | મોટો બાપ / ગેડો |
| રોટલી | રુટલી | રોટી / રોટલી |
| પુલ | પલ | પલ |
| હોઠ | ઉઠ | ઓઠ |
| હથોડી | આથોડી | અથોડી / આથોડી |
| વીણા | તંબૂરો / સેતાર | તંબૂરો / સેતાર |
| ભાઈ | પાઈ | ભાઈ |
| બીજ | બીયું | બીજડું |
| ઝરણું | વાંધુ / કુતીડું | વાંગુ / કોતેડુ |
| પાથરણું | પથારી | પાંથરણું / હાથરો |
| ઠંડી | ટાડ | ટાઢ |
| સફેદ | તોળું / ઉજળુ | ઉજળુ / ધોળું |
| માથા પર. | માથા ઉપેર. | માથા પર / માથા ઉપર. |
| ઢોલક | ટુલેક | ઢોલકી |
| કાંસકો | કાહકો | કાંહકો / કાંહચી |
| ચાંદો | સાંદા મામા | સદરમા / સાંદો |
| તડકો | તોપ | તેડકો / તાંપ |
| વગાડે છે | વગાડે હે | વગાડે હે |
| ખટારો(ટ્રક) | ખટારો | ખટારો / ટરક |
| શરણાઈ | હણાઈ | હેણાઈ |
| તેતર | કટીલો | તેતરો |
| હેડપંપ | એડપંપો | ડંકી / હેડીયો |
| ભારે | પારે | ભારે |
| પહાડ | ડુંગરો | ડુંગરો |
| સુગરી | હુગરી | હુગરી |

| | | |
|---|---|---|
| અંધ | આંદળો | આંધળો |

## <u>ધોરણ ૧ ના ગણિત વિષયના એકમોમાં આવતા શબ્દોનું પ્રાદેશિક ભાષામાં રૂપાંતર</u>

### એકમ ૧ આકૃતિ અને સ્થાન

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| ઉપર | ઉપેર | ઉપર |
| શિયાળો | હિયાળો | હિયાળો |
| ઠંડી | ટાડ | ઠંડી / ટાઢ |
| ઢોલક | ટુલેક | ઢોલકું / ઢોલક |
| નીચે | નીસે | નેંસુ / નેસે / એઠણ |
| ઊંટ | ઉંટ | ઊંટડું / ઉંટડો |
| દાદી | મુંટી આઈ / ગઇડ મ | મોટી મા / ઘેંડી મા |
| છુપાઈ ગયું. | દપી જુ. | હંતાઈ જું. |
| નજીક | ટીકે | પહોંણ / ટેકે / પાંહી |
| થાકી ગયો. | થાકી જો. | થાકી ગ્યો / થાચી જયો. |
| અંદર | મઈ | માં / માંય |
| મહેરબાની | મેરબાની | મેરબાની |
| દૂર | સીટે | શેટી |
| બહાર | બાર / બાયણે | બાર / બાયણે |
| ઘેટું | કીટું | ઘેટું / જેટુ |
| નાનું | નાનું | નાંનું / નાનકુ / નેનું |
| ડોક | ગાબડ / બુસી | ગાબડ / બોસી |
| બચ્ચું | ટીટું | ટેટુ / બચ્ચું |
| મોટું | મુટું | વડું / મોટું |
| પીઠ | વાહો / બઈડા | બેડો / વાંહો / આંહો |
| વરું | વરું | વરું |

| એકમ ૨ એક થી પાંચ સુધીની સંખ્યા | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| બગલો | બગલું | બગલું |
| આકાશ | અગાશ | અગાશ / આભ / અભલું |
| રેતી | રેતી / રેત | રેતી / વેળું |
| દેડકો | ડેટકો / પેધો | ડેડકો / ભેદો |
| મધમાખી | મોદ | માંદમાંખી / માંદની માંશ |
| આંગળા | આંગળી | આંગળીયો |
| માછલી | માસલી | માસલી |
| દયાળું | દયાળું | કૃપાળું / દયાળું |
| મણકા | મણકા | મણકા / હારમાળા |
| મધપૂડો | મોંદ | ખોય / મોંદનો પોળો |
| લખોટી | લખુટી | લખોટી |
| કાંકરા | નાના પાણા | નાના પોંણા |
| પતંગિયું | કુદી | કૂદું / કૂદી |
| બીજ | બીયુ | બીજડુ / બીયુ |

| એકમ ૪ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ચણતી હતી. | દાણા ખાતી તી. | દાણ ખાતી તી. |
| ચકલી | સકલી | સકલી |
| આવી ગઈ. | આવી ગઈ. | આવીજી / આવી ગઈ / આઈજી. |
| પહોંચી ગઈ. | પુગી ગઈ / પોસી ગઈ. | પોચીજી |

| એકમ ૫ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| બાદબાકી | ઉસા | ઓસું કરવું. |
| શૂન્ય | મીંડું | મેંડું / મીંડું |
| પૂંછડીવાળો | પુસડીવાળો | પુસડીવાળો |

| | | |
|---|---|---|
| કપાવવું / કાપવું. | વડાડવું / કપાડવું. | વઢાવવું / કપાડવું . |
| રહી ગઈ. | રઈ ગઈ. | રૈ જી / રીજી. |
| બાકી રહી. | બાકી રઈ. | બાકી રઈ / બસી ગઈ / બાકી રીજ્જી. |
| મમી / મમ્મી | મ / આઈ | મા |
| ઉડી ગઈ. | ઉડી ગઈ. | ઉડી જી. |
| મિત્ર | દોસ્તાર / દોસ | ગોઠીયો |
| ઉંદર | ઉંદરો | ઉંદેડું / ઉંદરો |

| એકમ ૬ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ઢીંગલી | ટીંગલી | ઢીંગલું |
| નથણી | નાથણી | નાથણી |
| સજાવવું | હણગારવું | તીયાર કરવું / હણગારવું |
| હાથી | આથી | હાથી / આથી |
| ઝઘડો | લડાઈ | લડાઈ |
| જૂથ | ટુળી | ટોળકી / ટોળી / ટોળુ |

| એકમ ૭ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| દફતર | ઝુળો /દકતર | ઠેલો / ઝોળો / દપતર |
| બ્રશ / દાતણ કરવું. | બરસ / દાતુણ કરવું. | બરસ / દાતણ |
| માથું ઓળી તૈયાર થવું. | માથુ ઉહીડીને તીયાર થવું. | માથુ ઉહીડીને તીયાર થઈ જા |
| શાળાએ જવા માટે તૈયાર થવું. | નિહાળમા જવા તિયાર થા. | નેહાળમાં જવા તીયાર થવું. |
| સાંજનું ભોજન. | હાંજ નું ખાવાનું. | હાંજ નું ખાવાનું |
| શાળામાં મધ્યાહ્ન ભોજન લેવું. | નિહાળમાં બફોરેનું ખાવાનું . | નેહાળમાં બફોરે ખાવું |
| ખાટલામાં સૂવું. | ખાટલામાં હુવું. | ખટલામાં હુવું. |
| સવારે ઊઠવું. | હવારમાં ઊઠવું / વેલા જાગવું. | હવારમાં ઊઠવું / વેલા ઉઠવું(જાગવું) |
| નાહવું | નાવું | નાવું |

| એકમ ૮ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ઊચી | ઊંસી | ઊંસી |
| ભારે | પારિ | વજનવાળું |
| ટૂંકુ | નાનું | ટુકું |
| હલકી | અલકી | અલકી |
| નીચી | નીસી | નેંસી |

| એકમ ૯ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| દિવાસળી | દિવાહળી | દિવાહળી |
| રૂમાલ | રૂમાલ | રૂમાલ |
| વર્તુળ | ગુળ | ગોળ |

| એકમ ૧૧ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| વાડકી | વાટકી | વાટકી / વડ્ચી |
| બિલ્લો | બલાડો | બિલ્લો / બિલાડો |
| પાંદડા | પાન | પાનું / પાનાં |
| પથ્થર | પાણો | પાણો / પાંણો |
| સીધો | હીદો | હીધો / હીદો |
| દાણા | દાણા | દોણા |

| એકમ ૧૨ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| બોલાવવું. | બુલાબ્વું. | બોલાવવું. |
| વચ્ચેનું | વસલું | વચલું / વસલું |
| આગળ | અગાડી / મોરી | અગાડી / મોરી |

| એકમ ૧૩ | | |
| --- | --- | --- |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| જાદુઈ થેલો | જાદુઈ ઠેલો | જાદુઈ ઠેલો |
| ચશ્મા | સસમાં | સહ્મા / સસમાં |
| દડો | દડો | દડો |
| રૂપિયા | પૈસા / દુકડા | પૈસા / દુકડા |
| બોલપેન | બોલપીણ | બોલપેણ |
| ફૂટપટ્ટી | ફુટ | ફુટ |
| સંચો | હંસો | હંસો |
| નોટબુક | નોટ | નોટ |
| પુસ્તક | સોપડી | સોપડી |
| પેન્સિલ | પીન્સલ | પેન્સિલ |
| ગ્લાસ | ગીલાસ | ગીલાસ |

| એકમ ૧૪ | | |
| --- | --- | --- |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| દિવાસળી | દિવાહળી | દિવાહળી / બાકસ / પેટાહળી |
| પતંગ | પતિંગ | પતિંગ |
| કચુકા | કસુકા | કસુકા |

## ધોરણ ૨ ગુજરાતી / ગણિત

| એકમ ૯ | | |
| --- | --- | --- |
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| પિચકારી | ફિસકારી | ફિસકારી |
| કાતર | કાતરણી | કાતરણી |
| ખુરશી | ખુડશી | ખુડશી / ખૂરશી |
| નિશાળ | નિહાળ | નિહાળ |
| ફરકડી | ફુદડી | ફરકડી / ફુંદડી |
| વરસાદ | વરહાત | વરહાદ |
| તપેલી | તપીલી | તપીલી |

| | | |
|---|---|---|
| પથરો | પાણો | પાણો |
| રેલ્વે | રીલવઇ | રીલવઇ |
| આંખ | આંખ | આશ |
| ધજા | ઝાંડો | ધજા |
| મરચું | મરસું | મરસું |
| કિનારો | તેંફ / ટેંફ | ધેફ / કનાર |
| ભાદરવો | પાધરવો | ભાધરવો |
| બિલાડી | બલાડી | બલાડી / મિંદડી |

| એકમ ૧૦ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ત્રાંજવું | તાકડું | તરાઝું |
| ત્રિશુળ | તરસૂળ | તરસૂળ / તરશુલ |
| જ્ઞાતિ | નાત-જાત | જાતિ |
| પ્રાણી | ઢુંર | ઢોર |
| ઝૂલો | ઈંસકો | એંસલો |
| શ્રવણ | સાવણ | સાવણ |
| સાવરણી | જુડો | ઝૂડો |
| પુત્ર | સુરો | છોરો |
| પપૈયું | કાકડું | કાકડું |
| છત્રી | સતરી | સતરી |
| આકાશ | અગાશ | અગાશ |

| એકમ ૧૧ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ક્ષણ | કઢીક | ઘડી |
| ઘાસ | ખોડ | ખોડ |
| બટાટા | બટાકા | બટાકા |
| સૂરજ | દન | દન / દાડો |
| ક્ષોભ | ફરમ | ફરમ |
| ઋષિ | મફરાજ / બાવો | મફરાજ |

| | | |
|---|---|---|
| કબૂતર | પારેવડું | પારેવડું |
| પોપટ | ઉડો | ઉડો |
| અચાનક | એકદમ | એકદમ |
| મંદિર | મંદિર | મદિર |
| પવન | વાયરો | વાયરો |
| માળો | કહેળો | જેહલો / ગોખલો |
| ડરવું | બિવું | બિવું |
| દિવસ | દાડો / દન | દાડો / દન |
| લાડવો | લાડગો | લાડુ |
| રૂમાલ | અજુરજ્યો | હજુરીયો / ફટકો |
| રાક્ષસ | રાકશ | રાકશસ |
| શ્રમિક | મજુર | મજુર / કામવાળો |
| ભીંડા | પીંડા | ભેડા |
| જીવજંતુ | જનાવરાં | જીવડાં |
| પૌત્ર | સુરાનો સુરો | સોરાનો સોરો |
| યાત્રા | જાત્રા | જાત્રા |
| રૂબરૂ | હામ-હામે | હામ-હામે |
| ભેંસ | પાડી | પાડી |
| મંકોડો | મકુડો | મકોડો |
| ચકલી | સકલી | સકલી |
| વરસાદ | વરહાત | વરહાદ |
| નિશાળ | નિહાળ | નેહાળ |
| છોકરી | સુરી | છોરી |
| જંગલમાં | ડુંગરામાં | ડુંગરામાં |
| ચાંચ | સાસ | સાસ |

| એકમ ૧૨ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| ડબ્બો | ડબો | ડબો |
| પપ્પા | બાપા | બાપા |
| મરઘી | કુકડી | કુકડી |

| | | |
|---|---|---|
| ગ્લાસ | ગિલાસ | ગિલાસ |
| ડરવું | બિવું | બિવું |
| ભમરો | પમરો | ભમરો |
| લાત | પાટું | પાટું |
| રસ્સી | રાણગુ | રાણગુ / રાફ |
| મમ્મી | મા / મ | મા |
| બિલ્લી | બલાડી | બલાડી |
| માટી | ગાર | ગાર |
| ચપ્પલ | સંપ્પલ | સંપ્પલ |
| અંધારું | ઇંદારું | અંધારું |
| માખી | માખ | માખ |

## એકમ ૧૩

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| મુઠ્ઠી | મુઠ | મુઠ |
| લજ્જા | ફરમ / લાજ | ફરમ / લાઝ |
| સરકયો. | ફરકયો. | ફરકયો . |
| સૂર્યાસ્ત | દન બુડવો. | દન બુડવો. |
| બહાર આવ. | બહાર નિહર. | બાર નિહર. |
| ડબ્બો | ડબો | ડબો |
| શહેર | શેર | શેર |
| પગ | પોગ | પાંગ |
| ગુસ્સે થવું. | અકળાઈ જવું. | અકળાઈ જવું. |

## એકમ ૧૪

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| બિલાડી | બલાડી | બલાડી |
| સ્લેટ | સિલેટ | સિલેટ |
| ધાન્ય | દાણા | ધાંન / દાણા |
| મચ્છર | લુસું | મસરું |
| મગર | મગોર | મગોર |

| | | |
|---|---|---|
| પથ્થર | પાણો | પાણો |
| વરસાદ | વરહાત | વરહાદ / વરહાત |
| બચ્ચા | ટેટાં | ટેટાં |
| સસ્તુ | હસ્તુંતું | સસ્તું |
| શૂન્ય | મીંડું | મેડું |
| અનાજ | દાણા | દાણા |
| દરવાજો | કમાડ / બાયણું | બારણું / કમાડ / બાયણું |
| સવાર | હવાર | હવાર |
| પાસે | ટેકે | ટેકે / પાંહણ |

## એકમ ૧૫

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| પ્રતિજ્ઞા | નીમ / નેમ | નેમ / નેંમ |
| દ્રાક્ષ | દરાખ | દરાખ |
| નૃત્ય | નાસવું | નાસવું |
| શિયાળો | હિયાળો | હિયાળો |
| બસ | ગાડી | ગાડી |
| ભજિયાં | પજ્જા | ભજ્જાં |
| સાપ | હાપ | હાપ |
| વાર્તા | વારતા | વારતા |
| ચોમાસું | સુમાહું | સુમાહું |
| શર્ટ | જુલડું / બુસટ / ખમીસ | જુલડું / બુસટ / ખમીસ |
| ચગડોળ | સકડોળ | સગડોળ |
| સપનું | હામણું / હમણું | હમણું |

## એકમ ૧૬

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| શિક્ષક | સાએબ | માસ્તર / સાએબ |
| રાષ્ટ્રધ્વજ | ઝંડો | ઝંડો |
| શોધવું | ખોળવું | ખોળવું / હોધવું |
| પ્રાણી | ઢુર | ઢોર |

| | | |
|---|---|---|
| શિયાળ | હિયાળ | હિયાળ |
| ઘર | કેર | ઘર |
| સભ્ય | જણ | જણ |
| વર્ષ | વરહ / વર | વરહ |
| ગુફા | પામ | ભોમ |
| સાંજ | હાજ | હાજ |
| પગલા | પગલાં | પગલાં |
| નજીક | ટીકે | પોહે / ટેકે |

| એકમ ૧૭ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| શહેર | શેર | શેર |
| ઉત્સવ | તેવાર | તેવાર |
| પૂનમ | પૂનેમ | પૂનમ |
| સસ્તા અનાજની દુકાન. | ગુદમ | ગોદમ |
| ડૉક્ટર | દાકતર / ડાકટર | દાકતર / ડાકટર |
| આંગણામાં | સોગાટમાં | વેઢમાં |
| સવાર | હવાર | હવાર / દન ઉજે |
| અમાસ | અમાવસ | અમાવસ / અમાસે |
| હોડી | ઊડી | નાવડી / ઉડી |
| ઘંટી | કઇટી / કટી | ઘટી |

| એકમ ૧૮ | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| શિયાળો | હિયાળો | હિયાળો |
| બારણું | બાયણું / કમાડ | બાયણું / કમાડ |
| પૂર્વ | ઉગમણું | ઉગમણું |
| શીશી | હીહી | હીહી |
| સાચું | હાસું | હાસું |
| વૃક્ષ | ઝાડ | ઝાડ |
| સુઘરી | હુગરી | હુગરી |

| | | |
|---|---|---|
| ઠંડી | ટાડ | ટાઢ |
| બહેન | બુન / બાઈ | બુન / બાઈ |
| માચિસ | દિવાહળી | દિવાહળી / બાંકસ |
| સમજ | હમજ | હમજ |
| દિવાલ | ટુડલો | ભેંત |
| પવન | વાયરો | વાયરો |

## એકમ ૧૯

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| સમજ | હમજ | હમજ |
| શાળા | નિહાળ | નેહાળ |
| ફ્રોક | ફરાક | ફરાક |
| રાત્રિ | રાત | રાત |
| ધનુષ્ય | કામઠું | કામઠું / કમાન |
| ટોપલી | સંગુડી / ટુપલી | હુંઢલો |
| સફેદ | તોળું | ધોળું |
| બકરી | બુકડી | બોકડી |
| કાચબો | કાસબો | કાસબો |
| ધરતી | જમી | જમીન |
| પત્ની | બાયડી / બૈરું | બાયડી / બૈરું |
| ખિસકોલી | ખિલુડી | સિલોડી |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| એક બકરીનાં કેટલાં કાન હોય છે ? | એક બુકડીના કાન કેટલા ? | એક બોકડીના કાંન ચેટલા હોય છે? |
| બે સસલાનાં પગ કેટલા હોય છે ? | બે હાહાના પગ કેટલા ? | બે હાહાના પગ ચેટલા હોય છે ? |
| ત્રણ પતંગિયામાંથી બે પતંગિયા ઉડી જાય તો કેટલાં રહ્યા? | ત્રણ કુદીમહી બે કુદી ઉડી ગઇ તે કેટલી રઇ ? | તેણ કુદીમાંથી બે કુદી ઉડી ઝાય તો ચેટલી રઈ ? |
| ગાયને કેટલા પગ હોય છે ? | ગાયને પોગ કિટલા ? | ગાયનાં પગ ચેટલા ? |

| | | |
|---|---|---|
| શર્ટના બટન ગણો. | ઝૂલડાનાં બટણ ગણો. | ઝૂલડી / બુસકોટ(ખમીસ) નાં બટણ ગણો. |
| ઝાડ પર કેટલી ચકલી છે ? | ઝાડ ઉપર કિટલી સકલી હે ? | ઝાડ ઉપર ચેટલી સકલી હે ? |
| બે મા બે ઉમેરતાં કુલ કેટલાં થાય ? | બે માં બે ઉમીરો તે કીટલાં થઇ ? | બે માં બે ઉમેરોને ચેટલાં થાય ? |
| બાગમાં કેટલાં છોડ છે ? | બગીસામાં કીટલા સુડ હે ? | બગીસામાં ચેટલા સોડ હિ? |
| એક દસને બે કેટલા થાય ? | એક દસકો ની બે કીટલા થઇ ? | એક દસકો ની બે ચેટલા થાય ? |
| દસ રૂપિયામાં એકના કેટલા સિક્કા હોય ? | દહ રૂપિયામાં એકના કેટલાં સિક્કા હોય ? | દહ રૂપિયામાં એકના કેટલાં સિક્કા આંય? |
| સરવાળો | વતા / વત્તાકાર | વતા / વત્તાકાર |
| ચણતી હતી. | ખાતી તી. | સણતી હતી. |
| આવી ગઈ. | આવી ગઈ. | આવી જી. |
| દસમાં પાંચ ઉમેરતાં કેટલાં થાય ? | દહમાં પાસ ઉમીરો તે કિટલા થઇ ? | દહમાં પાસ ઉમેરતાં ચેટલા થાય ? |
| પેન્સિલ કે પેન ? | પિન્સલ કે પેણ ? | પિન્સલ કે પેન ? |
| ભારે કે હલકું. | પારે કે અલકુ. | ભારે કે હલકું. |

## લોકગીતો / વાર્તા / ઉખાણાં / જોડકણાં / સ્થાનિક ગીતો

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| બડી લંબી રે મારા દાદા ની મૂછ | કણી લાંબી રે મારા દાદાની ની મૂસ | ઘણી લોબી રે મારા બાપની ની મૂછ |
| દાદા ની મૂછ જાણે બિલ્લીની પૂછ, બડી લંબી રે....<br>દાદાજી પોઢયા , તા રંગીલે ઢોલી ઓ,<br>શાહીથી રંગીમે દાદાની મૂછ, બડી લંબી રે....<br>અંધારે એકલો હું ચોકલેટ શોધતો<br>ઘરે થી તાણી મે તો દાદાની મૂછ બડી લંબી રે...<br>કચ કચ કાપી મે તો દાદાની મૂછ બડી લંબી રે...<br>ભાઈના પારણિયે તુટેલી દોરી<br>દોરીએ બાંધી મે તો દાદારી મૂછ, બડી લંબી.. | દાદાની મૂસ જાણે બલાડીનની પૂસ.. કણી....<br>દાદા હુંતાતા રંગીલે ખાટલે<br>સહીથી રંગી મે દાદાની મૂસ... કણી....<br>ઈંદારામાં એકલો ઉતે ચોકલેટ ખોળતો<br>તીરે થી ખિસી મે તો દાદાની મૂસ... કણી...<br>કચ કચ કાપી મી'તો દાદાની મૂસ ...કણી...<br>પાયના કુડજે ટુટેલી દુરી<br>દોરજિ બાંધી મી'તો બાપાની મૂસ.... કણી.... | બાપાની મૂછ જોણે બિલ્લીની પૂછ.. ઘણી....<br>બાપજી હું જ્યાતા રંગલે ખાટલે<br>સહીથી રંજી મે બાપાની મૂછ... ઘણી....<br>અંધારે એકલો ઊ'તો ચોકલેટ ફોધતો<br>ઘરે થી તોણી મે તો બાપાની મૂછ... ઘણી...<br>કચ કચ કાપી મી'તો બાપાની મૂછ ...ઘણી...<br>ભયના ઘોડિયે તુટેલી દોરી<br>દોરીએ બોધી મી'તો બાપાની મૂછ.... ઘણી.... |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| --- | --- | --- |
| <u>**આ દાતરડુ કેવું ?**</u> | <u>**આ દાતિડુ કિવું ?**</u> | **આ દાતરડુ ચેવું ?** |
| આ દાતરડુ કેવું? ઘાસ કાપે તેવું. | આ દાતિડુ કિવુ ? ખોડ વાડે ઇવું. | આ દાતેડુ ચેવું? સાર વાડે એવું. |
| આ ઘાસ કેવું ? ગાય ખાય એવું | આ ખોડ કિવુ ? ગાય ખાય ઇવુ. | આ સાર ચેવી ? ગાય ખાય એવી. |
| આ ગાય કેવી ? દૂધ આપે એવી. | આ ગાય કિવી ? દૂધ આલે ઇવી. | આ ગાય ચેવી ? દૂધ આલે એવી. |
| આ દૂધ કેવું ? દહીં થાય એવું. | ઈ દૂધ કિવું ? દઇ બણે ઇવું. | આ દૂધ એવું ? દય થાય એવું. |
| આ દહી કેવું ? માખણ થાય એવું. | આ દઈ કિવુ ? માકણ બણે ઇવુ. | આ દય ચેવુ ? માખણ થાય એવું. |
| આ માખણ કેવું ? ઘી થાય એવું. | ઈ માખણ કિવુ ? કી બણે ઇવું. | આ માખણ ચેવુ ? જી થાય એવું. |
| આ ઘી કેવું ? લાડુ થાય એવું. | ઈ કી કેવું ? લાડગા બણે ઇવુ. | આ જી એવું ? લાડવા થાય એવુ. |
| આ લાડુ કેવા ? | આ લાડગા કિવા ? | આ લાડવા એવા ? |
| વિધાર્થીઓ ખાય એવા. | નેહાળ્જ્ય સુર ખઇ ઇવા. | નિહાળીયા ખાય એવા . |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| --- | --- | --- |
| <u>**પાંચ પાંચ ચકલી**</u> | <u>**પાંસ પાંસ સકલી**</u> | પોસ પોસ સકલી |
| પાંચ -પાંચ ચકલી ચણતી'તી | પાસ - પાસ સકલી સણતી'તી | પાસ - પાસ સકલી ચણતી'તી |
| એક ઊડી ગઈ , રહી ગઈ ચાર | એક ઉડી ગઈ , રઈ ગઈ સ્યાર | એક ઉડી જી , રઈ જઈ સાર |
| ચાર -ચાર ચકલીઓ ચણતી'તી | સ્યાર સ્યાર સકલીઓ સણતી'તી | સાર સાર સકલીઓ સણતી'તી |
| એક ઊડી ગઈ રહી ગઈ ત્રણ | એક ઉડી ગઈ રઈ ગઇ તૈણ | એક ઉડી જી રઈ જઇ તેણ |
| ત્રણ -ત્રણ ચકલીઓ ચણતી'તી | તૈણ તૈણ સકલી સણતી'તી | તેણ તેણ સકલી ચણતી'તી |
| એક ઊડી ગઈ રહી ગઈ બે | એક ઉડી ગઈ રઈ ગઈ બે | એક ઉડી જી રઈ જઈ બે |
| બે - બે ચકલીઓ ચણતી'તી | બે - બે સકલી ચણતી'તી | બે - બે સકલી ચણતી'તી |
| એક ઊડી ગઈ રહી ગઈ એક | એક ઉડી ગઈ રઈ ગઈ એક | એક ઉડી જી રઈ જઈ એક |
| એક એક ચકલી ચણતી'તી | એક એક સકલી ચણતી'તી | એક એક સકલી ચણતી'તી |
| એક ઊડી ગઈ એકેય ન રહી. | એક ઉડી ગઈ ને | એક ઉડી જી એકે ની રી. |
| સંખ્યમાં તે શૂન્ય ગણાય | રઇ ગઈ શૂન. | સંખ્યમમો તે શૂન ગણાય |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| આવો પારેવાં | આવો પારેવાં | આવો પારેવાં |
| આવોને પારેવા આવો ને ચકલા | આવો પારેવા આવો ને સકલા | આવો પારેવા આવો ને સકલા |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે . | સોકમાંદાણા નાસ્યા રે. |
| આવો પોપટડા મેનાને લાવજો | આવો ઉડાપાઇ લેલાનિ લાવજું | આવો ઉડા લેલા લાવજો |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાંદાણા નાસ્યા રે. |
| આવો કાબરબાઈ કલકલ ના કરશો | આવો ઢેબેરબેન બખોર ની કરતાં | આવો ઢેબર ગબોરોની કરજો |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાંદાણા નાસ્યા રે. |
| બંટી ને બાજરો ચોખાને બાવટો | બંટી નો બાજરો સુકા ની બાવટો | બંટી નો બાજરો સોખાને બાવટો |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાંદાણા નાસ્યા રે. |
| ધોળી છે જાર ને ઘઉં છે રાતડા | તોળી હે જાર ને ઘૂ હી રાતડા | ધોરી હે જાર ને ઘઉં હી રાતડા |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાં દાણા નાસ્યા રે. |
| નિરાંતે ખાજોને નિરાંતે ખુંદજો | શાંતિબન ખાજોને શાંતિબન કૂદજો | શાન્તીથી ખાજોને શાન્તીથી કદજો |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાંદાણા નાસ્યા રે. |
| બિલ્લી નહી આવે કૂતરો નહી આવે | બિલ્લી નઇ આવે કૂત્તો નઇ આવે | બિલ્લીની આવે કૂતરો ની આવે |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાંદાણા નાસ્યા રે. |
| ચકચક કરજોને કટ કટ કરજો | સકસક કરજોનિ કટકટ કરજો | ચકચક કરજોને કટકટ કરજો |
| ચોકમાં દાણા નાખ્યા છે. | સોકમાં દાણા નાસ્યા હે. | સોકમાં દાણા નાસ્યા રે. |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| એક મારી ઢીંગલી | એક મારી ટીંગલી | એક મારી ઢીંગલી |
| એક મારી ઢીંગલીને એવી સજાવુ | એક મારી ટીંગલીને એવી હણગારું | એક મારી ઢીંગલીને એવી ધજાવુ |
| બે એના કાનમાં બુટ્ટી પહેરાવું...... | બે ઇના કાનમાં બુટ્ટી પેરાવું........ | બે એના કોનમાં બુટ્ટી પૈરાવું........ |
| એક મારી.......... | એક મારી........ | એક મારી........ |
| ત્રણ એની નથણીમાં હીરા જડાવુ | તૈણ ઇની સુનીમ ઇરા જડાવુ | તેણ એની નથણીમાં ઇરા જડાવુ |
| ચાર એના હાથમાં ચુડી પહેરાવું....... | સ્યાર ઇના આથમાં બંગડી પેરાવું....... | સાર એના આથમાં સુડી પહેરાવું....... |
| એક મારી........... | એક મારી....... | એક મારી...... |
| પાંચ એની આંગળીમાં વીંટી પહેરાવું | પાંસ ઇની આગળીમ વીટી પેરાવું | પોસ એની ઓગળીમાં રીંગ પ'રાવું |
| છ એની વેણીમાં ફૂલો ગુથાવુ.......... | સો ઇની વિણીમાં ફૂલં ગુંથાવુ..... | સો એની વેણીમાં ફૂલો ગુથાવુ..... |
| એક મારી.............. | એક મારી...... | એક મારી...... |
| નવ એની ઝાંઝરીમાં ઘૂઘરી મેલાવુ | નવ એની ઝાંઝરીમ ફૂઘરી મે'લાડુ | નવ એની ઝાંઝરીમો ઘૂઘરી મે'લાવુ |
| દસ દશેરાએ ગરબે ઘુમાવુ.......... | દહ દહેરે ગરબે ફરાવું....... | દહ દહેરાએ ગરબે ઘુમાડું....... |
| એક મારી.............. | એક મારી......... | એક મારી......... |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| દાદનો ડંગોરો લીધો | બાપાનો ડંગોરો લીધો | બાપાનો ડંગોરો લીધો |
| દાદાનો ડંગોરો લીધો<br>તેનો તો મે ઘોડો કીધો<br>ઘોડો ચાલે રૂમઝૂમ<br>ધરતી ધ્રુજે ધમધમ<br>ધમ ધમ ધરતી થાતી જાય<br>મારો ઘોડો ખુદતો જાય<br>કુદતા કુદતા આવે કોટ<br>કોટ કૂદીને મૂકે દોટ ! | બાપાનો ડંગોરો લીધો<br>ઇનો તો મી કુડો કિદો<br>કુડો ઇંડે પટડક પટડક<br>જમી અલે ધમધમ<br>ધમ ધમ ધરતી થતિ જાય<br>મારો કુડો ઠીકતો જાય<br>ઠીકતો ઠીકતો આવે કોટ<br>કોટ ઠેકીને મેલે દોડ | બાપાનો ડંગોરો લીધો<br>એનો તો મી ઘોડો કીધો<br>ઘોડો હેડે પટડક પટડક<br>ધરતી અલે ધમધમ<br>ધમ ધમ ધરતી થતી જાય<br>મારો ઘોડો ઠેકતો જાય<br>ઠેકતોઠેકતો આવે કોટ<br>કોટ ઠેકીને મેલે દોટ |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| મને ચપટી વગાડતાં..... | મને સપટી વગાડતાં... | મને સપટી વગાડતાં... |
| બા મને ચપટી વગાડતા આવડી ગઈ | માં મને સપટી વગાડતા અવડી ગઈ | માડી મને સપટી વગાડતા આવડી ગઈ |
| મારી ચપટી વાગે છે પટ્ટ ...પટ્ટ ...પટ્ટ<br>જાણે ફૂટે બંદૂકડી ફટ... ફટ... ફટ...<br>પેલી બિલ્લી ભાગે છે ઝટ્ટ.. ઝટ્ટ ... ઝટ્ટ<br>બા મને બિલ્લી ભગાવતાં આવડી ગઈ | મારી સપટી વાગે હે પટ્ટ ...પટ્ટ ...પટ્ટ<br>જાણે ફૂટે બંદૂકડી ફટ... ફટ... ફટ...<br>પેલી બિલ્લી નાહે હે ઝટ્ટ.. ઝટ્ટ ... ઝટ્ટ<br>બા મને બિલ્લી નહાડતા અવડી ગઈ | મારી સપટી વાગે છે ફટ...ફટ....ફટ....<br>જાણે ફૂટે બંદૂકડી ફટ... ફટ... ફટ...<br>પેલી બિલ્લી નાહે સે હટ્ટ.. હટ્ટ ... હટ્ટ<br>બા મને બિલ્લી નહાડતા આવડી ગઈ |
| બા તું કપડા ધુએ છે ધબ્બ...ધબ્બ...ધબ્બ... | મા તું સિસરા તુવે હે, તબ્બ...તબ્બ...તબ્બ... | માડી તું ચેથરો ધોવે છે,મા તું સાકલાં ધોએ સે. ધબ્બ...ધબ્બ...ધબ્બ... |
| હું પાણીમાં નહિ કરું છબ્બ.. છબ્બ.. છબ્બ...<br>મારી ચપટી ભીંજાઇ જાય ડબ્બ...ડબ્બ....ડબ્બ...<br>બા મને મુન્ની રમાડતા આવડી ગઇ. | ઊ પાણીમા નઈ કરું સબ્બ.. સબ્બ.. છબ્બ...<br>મારી સપટી પલળી જાય ડબ્બ...ડબ્બ....ડબ્બ...<br>માં મને મુન્ની રમાડતા અવડી ગઇ. | હું પોણીમોની ની કરું છબ્બ.. છબ્બ.. છબ્બ...<br>મારી સપટી ભીંજાઇ જાય ડબ્બ...ડબ્બ....ડબ્બ...<br>માંડી મને મુન્ની રમાડતા આવડી ગઇ. |

| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
|---|---|---|
| મામાની ગાડી | મામાની ગાડી | મોમાની ગાડી |
| ગાડી આવે ! ગાડી આવે ! | ગાડી આવે ! ગાડી આવે ! | ગાડી આવે ! ગાડી આવે ! |
| ગાડી આવે! | ગાડી આવે! | ગાડી આવે! |
| મામા આવે ! મામી આવે ! | મામા આવે ! મામી આવે ! | મોમા આવે ! મોમી આવે ! |
| કાજુ કેળાં લાવે! | કાજુ કેળા લાવે! | કાજુ કેળા લાવે! |
| ચંદુ આવે ! લીલી આવે ! | સંદુ આવે ! લીલી આવે ! | સંદુ આવે ! લીલી આવે ! |
| નવા રમકડાં લાવે | નવ રમકડં લાવે ! | નવો રમકડો લાવે ! |
| હરખાતી બા ભાઈ ભાભી ને | મકલાતી મા પાઈ પાભી ને | મકલાતી માડી ભય ભાભી ને |
| મીઠે વેણ વધાવે ! | મેઠા બોલથી વદાવે ! | મેઠી બોલથી વધાવે ! |
| બા ને મામી ભેટે ભેટે હેતે | માં ને મામી ગળે મળે | માડી ને મોમી ભેટે ભેટે અરખે |
| મામા વહેંચે લહાની ! | મામા આલે સોકલેટ ! | મોમા વેસે લ્હાણી ! |
| ઘરમાં અઘાળા રાજી રાજી | કોરમાં બદા રાજી રાજી ! | ઘરમો હંધાય રાજી રાજી ! |
| જાણે આજ ઉજાણી ! | જાણે આજે ઉજાણી | જોણે આજે ઉજવણી |

| જોડકણા / ઉખાણાં | | |
|---|---|---|
| ગુજરાતી શબ્દ | પ્રાદેશિક શબ્દ (સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ (કડાણા) |
| નગારુ તડે વાગે છે.<br>ગામના છોકરા નાચે છે.<br>મરચું તીખું લાગે છે.<br>પોપટને બહુ ભાવે છે. | નગારુ તો વાગે હે.<br>ગામના સુરા નાસે હે.<br>મરસુ તીખું લાગે હે.<br>ઉડાને જબ્બર પાવે હે. | નગારુ તો વાગે હે<br>ગામના છોરા નાચે હે.<br>મરચું તીખું લાગે હે<br>પોપટને ખૂબ ભાવે હે. |
| ગાડુ ચાલે વાટમાં,<br>માળા માના હાથમાં. | ગાડુ સાલે વાટમં,<br>માળા આઈના આથમ. | ગાડું સાલે વાટમાં,<br>માળા માના હાથમાં . |
| એક-બે-ત્રણ ને ચાર<br>વરસે વરસાદ મુશળધાર<br>પાંચ -છ- સાત ને આઠ<br>દિવસે જાણે લાગે રાત<br>નવ પછી આવે દસ<br>તડકો લાગે કેવો સરસ | એક-બે-ત્રણ ને સ્યાર<br>વરહે વરહાત મુશળધાર<br>પાંસ -સો- હાત ની આઠ<br>દન જાણે લાગે રાત<br>નવ પસી આવે દહ<br>તડકો લાગે કિવો હારો | એક-બે-તેણ ને ચાર<br>વરહે વરસાદ મુશળધાર<br>પાંસ -સાં- હાત ની આઠ<br>દની જાંણે લાગે રાત<br>નવ પસી આવે દહ<br>તડકો લાગે કેવો સરસ. |

| | | |
|---|---|---|
| વાદળ વાદળ વરસો પાણી | વાદળ વાદળ વરહે પાણી | વાદળ વાદળ વરહે પાણી |
| મુજને મજા પડે રમવાની | મની પડે રમ્માની મજા | મને મઝા પડે રમવાની |
| ઠંડક ઠંડક થાય મારે મન | ઠંડક ઠંડક થાય મારે મન | ઠંડક ઠંડક થાય મારે મન |
| ટાઢક ટાઢક થાય મારે મન | ટાઢક ટાઢક થાય મારે મન | ટાઢક ટાઢક થાય મારે મન. |
| વાદળ વાદળ વરસો પાણી | વાદળ વાદળ વરહો પાણી | વાદળ વાદળ વરસો પાણી |
| જાય નાસી ગરમીની રાણી | જાય નાહી ગરમીની રાણી | જાય નાહી ગરમીની રાણી. |
| આવો મેઘરાજા વગડાવો વાજા | આવો મેઘરાજા વગડાવો વાજા | આવો મેઘરાજા વગડાવો વાજા |
| પી.....પી... પી... પી... | પી.....પી... પી... પી... | પી.....પી... પી... પી... |
| પોમ....પોમ્.... 2 | પોમ....પોમ્.... 2 | પોમ....પોમ્.... 2 |
| મૂશળધાર મૂશળધાર | મૂશળધાર મૂશળધાર | મૂશળધાર મૂશળધાર |
| વરસે છે પાણીડાધાર | વરહે સે પાણીડાધાર | વરહે સે પાણીડા ધાર |
| છલબલ છલબલ છોમ્ છોમ્ | સલબલ સલબલ સોમ્ સોમ્ | છલબલ છલબલ છોમ્ છોમ્ |
| નદી નાળા રેલમ છેલ..... | નદી નાળાં રેલમસેલ..... | નદી નાળાં રેલમ સેલ..... |
| સરરર....સરરર...સોમ...સોમ.... | હરરર....હરરર...સોમ...સોમ.... | સરરર....સરરર...સોમ...સોમ.... |
| મામાનું ઘર કેટલે ? | મામાનુ કેર કિટલે ? | મામાનું ઘર ચેટલે ? |
| દીવો બળે એટલે, | દીવો બળે ઇટલે, | દીવો બળે એટલે, |
| દીવો મેં તો દીઠો, | દીવો મેં તો જુયો, | દીવો મીતો જોયો, |
| મામો લાગે મીઠો. | મામો લાગે મેઠો. | માંમો લાગે મેઠો. |
| નહાય નદીમાં નહાય | નાય નદીમં નાય | નાય નદીમાં નાય |
| છોકરો નહાય નદીમાં નહાય | સુરો નાય નદીમં નાય | છોકરો નાય નદીમાં નાય |
| તરે ડુબકી ખાય . | તરે ડુબકી ખાય . | તરે ડુબચી ખાય . |
| છોકરો નહાય નદીમાં નહાય. | સુરો નાય નદીમં નાય | છોકરો નાય નદીમાં નાય |
| રેતીના ઢગલા છે રણમાં | રેતના ટગલાં હે રણમં | રેતના ઢગલા હી રણમાં |
| રણ વસ્યું રેતના કણમાં | રણ વહ્યું રેતના કણમં | રણ વહ્યું રેતના કણમાં |
| બાળક રમતું અહીયાં ઘર | સુરુ રમતું અઈ કેર | બાળક રમતું આંય ઘર |
| ધજા ફરકતી અહી ફરફર | ઝંડો ફરકતો અહી ફરફર | ધજા ફરકતી આંયા ફરફર |
| લાંબા મારા કાન કેવા | લાંબા મ્હારા કાનકિવા | લાંબા મ્હારા કાંન ચેવા |
| ઊભા છે ટટાર | ઊબા હે ટટ્ટાર | ઊભા હી ટટ્ટાર |
| જોતા લાગે હું છું કેવો | જોવતા લાગે ઉ હું કેવો | ઝોતા લાગે ઉ ચેવો |
| ડાહપણનો ભંડાર | ડાપણનો ભંડાર | ડાયપણનો ભંડાર |

| | | |
|---|---|---|
| ખાય તીખું બોલે મીઠું<br>એવું જોતો કાંઈક દીઠું !<br>ચાંચ એની લાલચટ<br>પાંખ એની લીલીકટ | ખાય તીખું બુલે મેઠું<br>એવું જોવતો કાંઇક જોયું<br>સાંસ ઇની લાલસટ<br>પાંખઇની લીલીકટ | ખાય તીખું બોલે મેઠું<br>એવું તો કાંઇક ઝોયું<br>સાંસ એની લાલસટ<br>પાંખ એની લીલીક્ટ |
| સરસર સરસર દોડી આવી<br>ચોખા ના બે દાણા લાવી<br>પૂંછડી કેરું આસન માંડી<br>કટ કટ કટ ખાવા લાગી. | સરસર સરસર દોડી આવી<br>ચોખા ના બે દાણા લાવી<br>પુંસડી કેરું આસન માંડી<br>કટ કટ કટ ખાવા લાગી | સરસર સરસર દોડી આવી<br>સોખા ના બે દાણા લાઈ.<br>પૂંસડી કેરું આસન માંડી<br>કટ કટ કટ ખાવા લાજી. |
| ગોટલામાં બેઠી ગોટલી<br>હવામાં ઊડે ચોટલી<br>ચોટલીએ ચડ્યો ચોર<br>આકાશે ઉડ્યો મોર. | ગટલામાં બેઠી ગટલી<br>હવામં ઊડે સુટલી<br>સોટલજિ સડ્યો સુર<br>અગાસમાં ઉડ્યો મોર. | ગટલામાં બેઠી ગટલી<br>અવામાં ઊડે સોટલી<br>સોટલીએ સડ્યો સોર<br>અકાશે ઉડ્યો મોર. |
| આમ ઉડે તેમ ઉડે<br>વાંકી કરે ચાંચ<br>કાળું કાળું અંગ એનું<br>કાળી એની આંખ | આમ ઉડે તિમ ઉડે<br>વાંકી કરે સાંસ<br>કાળો કાળો દેહ એનો<br>કાળી ઇની આંખ | આંમ ઉડે તેમ ઉડે<br>આંકી કરે સાંસ<br>કાળું કાળું અંગ એનું<br>કાળી એની આંશ |
| અડકો દડકો દહીં દડકો<br>શ્રાવણ ગાજે પીલું પાકે<br>ઊલ મૂલ ધતુરાનું ફૂલ<br>સાકર શેરડી ખજૂર | અડકો દડકો દઇનો દડકો<br>સાવણા ગાજે બીલ્લુ પાકે<br>ઊલ મૂલ ધંતુરાની ફૂલ<br>હાકરહેરડી ખજૂર | અડકો દડકો દહીં દડકો<br>શાવણ ગાઝે પીલું પાકે<br>ઊલ મૂલ ધંતુરાની ફૂલ<br>સાકર શેરડી ખઝૂર |
| ગોળ ગોળ ફરતી જાય<br>ફરતી ફરતી ગાતી જાય<br>દાણા દાણા ખાતી જાય<br>તોય ન એનું પેટ ધરાય. | ગુળ ગુળ ફરતી જાય<br>ફરતી ફરતી ગાતી જાય<br>દાણા દાણા ખાતી જાય<br>તોવે ઇનું પેટ ની તરાય. | ગોળ ગોળ ફરતી ઝાય<br>ફરતી ફરતી ગાતી ઝાય<br>દાણા દાણા ખાતી ઝાય<br>તોય ન એનું પેટ ધરાય. |
| કેવી મજાની મારી મોટર<br>રાતી કાળી મારી મોટર<br>સર..સર..કરતી મારી મોટર<br>ડુંગર ચડતી મારી મોટર<br>ઢાળ ઉતરતી મારી મોટર<br>પી...પી.... બોલી મારી મોટર | કિવી મજાની મારી ગાડી<br>રાતી કાળી મારી ગાડી<br>હર..હર..કરતી મારી ગાડી<br>ડુંગરો સડતી મારી ગાડી<br>ટાળ ઉતરતી મારી ગાડી<br>પો...પો.... બોલતી મારી ગાડી | ચેવી મઝાની મારી મોટર<br>રાતી કાળી મારી મોટર<br>સર..સર..કરતી મારી મોટર<br>ડુંગર સડતી મારી મોટર<br>ઢાળ ઉતરતી મારી મોટર<br>પો...પો.... બોલતી મારી મોટર |

| | | |
|---|---|---|
| ટીન ટીન ટોકરી વાગે<br>નાના મોટા ઊંઘતા જાગે<br>જલદી જલદી ખિસ્સા ફંફોળે<br>દૂરથી લાંબી વાતે વળગે<br>હિસાબ તારીખ સમય બતાવે<br>દુનિયા જાણે નજીક આવે. | ટીન ટીન ટોકરી વાગે<br>નાના મુટા હુતેલા જાગે<br>ઝટ-ઝટ જલદી ગુજા જુવે<br>છેટે હાં લાંબી વાતે વળગે<br>હસ્યાબ તારીખ ટેમ બતાડે<br>દનિયા જાણે ટેકે આવે. | ટીન ટીન ટોકરી વાગે<br>નાના મોટા ઊંઘતા ઝાગે<br>જલદી જલદી ખિસ્સા ફંફોળે<br>દૂરથી લાંબી વાતે વળગે<br>ઈશાબ તારીખ સમય બતાવે<br>દુનિયા ઝાંણે નજીક આવે. |
| કૂકડાભાઈ આગળ ચાલે<br>કરતા કૂકડે કૂક..<br>કોયલબાઈ પાછળ ચાલે<br>ગાતી કૂઊ... કૂઊ...<br>વાંદરાભાઈ વચમાં ચાલે<br>કરતા હૂપા હૂપ | કૂકડપાઈ આગેળ સાલે<br>કરતા કૂકડે કૂક..<br>કોયલબુન વાંહે સાલે<br>ગાતી કૂઊ... કૂઊ...<br>વાંદરાપાઈ વસમાં સાલે<br>કરતા હૂપા હૂપ.. | કૂકડભાઈ આગળ સાલે<br>કરતા કૂકડે કૂક..<br>કોયલબાઈ પાસળ સાલે<br>ગાતી કૂઊ... કૂઊ...<br>આંદરાભાઈ વસમાં સાલે<br>કરતા હૂપા હૂપ.. |
| નાના અમથા વાંદરા ભાઈને<br>સિનેમા નો શોખ...(૨)<br>ધોતિયું પહેર્યું ઝભ્ભો પહેર્યો<br>ટોપી પહેરી આમ...(૨)<br>ફર્સ્ટ ક્લાસના ટિકિટ કપાવી<br>જોવા બેઠા આમ..(૨)<br>સિનેમામાં થયો ધડાકો<br>આમ નાઠા જાય તેમ નાઠા જાય. | નાના એવા વાંદરાપાઈ ને<br>પિચ્ચરનો શોખ...(૨)<br>ઠેપાડું પેર્યું ખમીશ પેર્યું.<br>ટુપી પેરી આમ...(૨)<br>પેલ્લા ડબાની ટિકટ લીદિ<br>જુવા બેઠા એમ..(૨)<br>પિચ્ચરમાં થયો ધડાકો<br>આમ નાઠા જાય તેમ નાઠા | નાંના એવા આંદરા ભાઈને<br>પિચ્ચરનો શોખ...(૨)<br>ધોતિ પેરી ઝભ્ભો પેરયો<br>ટોપી પહેરી આંમ...(૨)<br>પેલા ડબ્બા ની ટિકિટ લીધી<br>ઝોવા બેઠા આંમ..(૨)<br>પિચ્ચરમાં શો ધડાકો<br>આંમ નાઠા જઝાંય તેમ નાઠા ઝાંય. |

| | | |
|---|---|---|
| ચોખ્ખું ઘરનું આંગણું ચોખ્ખો ઘર નો ચોક | સુક્કુ ઘેરનું આંગણું સોક્કો ઘેર નો સોક | સોખ્ખું ઘરનું આંગણું સોખ્ખો ઘર નો સોક |
| ચોખ્ખો ઘરનો ઓટલો ચોખ્ખી જોડી ગોખ | સુક્કો કેરનો ઓટલો સુક્કી જોડી ગોખ | સોખ્ખો ઘરનો ઓટલો સોખ્ખી મેડી ગોખ |
| ચોખ્ખા ઘરના કપડા થકી માણસ બહુ સોહાય | સુક્કા ઘરના સીસરાં થકી માણહ કણા હોબે | સોખ્ખા ઘર કપડા થકી માંણસ બહુ સોહાય |
| શરીર ચોખ્ખું રાખીએ રોગ કદી નવ થાય | શરીર સુક્કુ રાખજીએ રોગ કદીની થાય | શરીર સોખ્ખું રાખીએ રોગ કદી ની થાય |
| નહ્વેથી તન સાફ રહે સાચે થી મન સાફ | નાવાથી તન સાપ રે હાસે થી મન સાપ | નાયે થી તન શાફ રહે હાસે થી મન સાફ |
| તન મન ઘર છે સાફ દૂર રહે નિત સાપ | તન મન કેર હે સાપ રે નિત સાપ | તન મન ઘર છે સાફ દૂર રહે નિત પાપ |
| હાથીભાઈ તો જાડા | આથીભાઈ તે જાડા | હાથીભાઈ તો ઝાડા |
| લાગે મોટા પાડા | લાગે મોટા પાડા | લાગે મોટા પાડા |
| આગળ લટકે લાંબી સૂંઠ | આગળ લટકે લાંબી હુંડ | આગળ લટકે લાંબી હુઢ |
| પાછળ લટકે ટૂંકી પૂંછ | પાછળ લટકે ટૂંકી પૂંસ | પાસળ લટકે ટૂંકી પૂંછ |
| પેટ મોટું કોઠી જેવું | પેટ મુટું કબાલા જેવું | પેટ મોટું કોઠી જેવું |
| સુપડા જેવા કાન | હુપડા જેવા કાન | હુપડા જેવા કાંન |
| એક બિલાડી જાડી | એક બલાડી જાડી | એક બિલાડી ઝાડી |
| તેણે પહેરી સાડી | તેણે પેરી હાડી | તેણે પેરી હાડી |
| સાડી પેહરી ફરવા ગઇ | હાડી પેરી ફરવા ગઇ | હાડી પેરી ફરવા જી |
| તળાવમાં તો તરવા ગઇ | તળાવ દિખી તરવા ગઇ | તલાવમાં તો તરવા જી |
| તળાવમાં તો મગર | તળાવમાં તે મગોર | તલાવમાં તો મગોર |
| બિલ્લીને આવ્યા ચક્કર | બિલ્લીને આવ્યા સક્કર | બિલ્લીને આવ્યા સક્કર |
| સાડી નો છેડો છૂટી ગયો | હાડી નો સિડો સૂટી ગયો. | હાડી નો શેડો સુટી જો |
| મગર ના મોંમાં આવી ગયો | મગોર ના મોંડામાં આવી ગયો. | મગોર ના મૂઢામાં આઈ જો |
| જમરૂખ સાથે દાડમ લાવો | જમરૂખ સાથે ડાડમ લાવો | જમરૂખ હાથે દાડમ લાવો |
| લાવો દ્રાક્ષ ખાટી | લાવો ખાટી દરાખ | લાવો દરાખ ખાટી |

| | | |
|---|---|---|
| બચુભાઈ તો ભણવા બેઠા | બસુભાઈ તે પણવા બિઠા | બચુભાઈ તો ભણવા બેઠા |
| હાથમાં રાખી થાળી | હાથમં રાખી થાળી | હાથમાં રાસી થાળી |
| યશોદા તારો કાનો કાળો | જશોદા તારો કાનો કાળો | જશોદા તારો કાંનો કાળો |
| રાસ રમે છે નખરાલો | રાસ રમે હે નખરાળો | રાસ રમે હે નખરાળો |
| મટકી ફોડ મારગ રોડે | માટલી ફોડ મારેગ રોકે | મટકી ફોડ મારગ રોડે |
| એવો છે એ અટક ચાડો | એવો હે ઈ અટક ચાળો | એવો હે એ અટકસાળો |
| અંગે પેહરે અંગરખું | અંગે પેહરે અંગરખું | અંગે પેહરે અંગરખું |
| ને માથે ફેટો બાંધે | ને માથે ફેટો બાંદે | ને માથે ફેટો બાંધે |
| ચરરર કરતું ચામડું ચીરી | રરર કરતું સામડું ચીરી | ચરરર કરતું સાંમડું ચીરી |
| બાના ચંપલ સાંધે | બાનાસમપલ સાંધે | બાના સંપલ હાંધે |
| દરજી મારું ખમીસ સીવે | દરજી મારું ખમીસ હીવે | દરજી મારું ખમીસ હીવે |
| ઉપર બટન ટાંકે | ઉપર બટણ ટાંકે | ઉપર બટણ ટાંકે |
| બહેનો માટે ઘાઘરો સીવે | બૈરા માટે કાઘરો હિવે | બેના માટે ઘાઘરો હીવે |
| ઉપર આભલા રાખે | ઉપર આબલા રાખે. | ઉપર આભલા રાખે |
| કડિયો મોટો કારીગર | કડજ્યો મુટો કારીગર | કડિયો મોટો કારીગર |
| ને મકાન મોટા બાંધે | ને મકાન મુટા સણે | ને મકાન મોટા બાંધે |
| ઈંટો ઉપર ઈંટો રાખી | ઈંટ ઉપેર ઈંટ રાખી | ઈંટો ઉપર ઈંટો રાશી |
| સિમેન્ટ વડે એ સોધે | સિમેન્ટથી ઇ હાંદે. | સિમેન્ટ વડે એ હાંધે |
| જાડો પાડો હાથી સૂંઢમાં લાવે પાણી | જાડો પાડો આથી હુંડમાં લાયો પાણી | જાડો પાડો આથી હુઢમાં લાવે પાંણી. |
| એ પાણી તો ગંદુ સામે આવે ચંદુ | ઇ પાણી તે કછું હામે આવે સંદુ | એ પાંણી તો ગંદુ હાંમે આવે સંદુ. |
| ચંદુને માથે ચોટલી બા બનાવે રોટલી | સંદુને માથે સુટલી બા બણાવે રુટલી | સંદુને માથે સોટલી બા બણાવે રોટલી. |
| એક રોટલી ખાવા દે નિશાળે મને જવા દે. | એક રુટલી ખાવા દે નિહાળે મની જવા દે. | એક રોટલી ખાવા દે નિશાળે મને ઝવા દે. |

| વાર્તા પ્રાદેશિક બોલીમાં | |
|---|---|
| **પ્રાદેશિક શબ્દ(સંતરામપુર)** | પ્રાદેશિક શબ્દ(કડાણા) |
| ચાલાક ગધેડું | ચાલાક ગધેડું |
| મોતીપુર નાંમનુ એક નાનુ ગાંમ ઈતુ. ઇણા ગાંમમાં સગન નાંમનો એક માણસ રેતો"તો. એની કને એક ગધેડું ઇતું. સગનો દાડુ ગદેડાના વાહ્રા ઉપેર મેઠાનાં ભરીલા કોથડા મેલીની શેરમાં લઇ જતો . વાટમાં એક નદી આવતી આ નદી ડેકીને સગન અને ગધેડું શેરમાં જતાં.<br>એક દાડો નદી ઓળંગતા ગદેડું લહટ્યુ અને પાંણીમાં પડી જયું , જારે ઇ ઉબું થયું તારે ઇની ગુણ હલકી થઈ જ્યેલી લાગી. આવું થયું ઇટલે ગદેડું ખુશ ખુશ થઝ્યું .એના વાહ્રાં ઉપેર થી વજન ઓછો કરવાની કળા જાણીજ્યો. એને પાસી નદી ઉતારવાનું થાય ત્યારે બેહ્રી જવાનું નક્કી કર્યું.<br><br>પસી તે દાડુ ગદેડું ઈનીના કળા પરમુણે નદી ઉતરવાની થાય તારે નદીમાં બુડી જઈ ઇના વાહ્રા ઉપેરથી વજન ઓછ્રુ કરે.<br>એક દાડો સાગનાને ગદેડાની કળા હ્રમજાઈ ગઈ એટલે ઈને ઠેલામાં મેઠા ને બદલે રૂ પરી દિધું ગદેડુતે દાડુંની ની જેમ ખુશ થતુ પાંણીમાં ડૂબકી મારવા જયું. પોણ જારે ઊબુ થયુ તારે એના વાહ્રાં ઉપર વજન વધી ગયું .<br>ગદેડું તો ભાર મોરે માંડ માંડ હિંડી શકયું.<br>ઈ દનહું ગદેડું નદીમાં ડૂબકી મારવાનું પુલી જું. | મોતીપુર નાંમનુ એક નાનુ ગાંમ અતું. એ ગાંમમાં છગન નાંમનો એક મોણહ્ર રેતો. એની પાંહ્રે એક ગધેડું અતું. છગનોયો રોજ ગધેડાની પીઠ ઉપર લૂણના ભરેલા ગુણો મેલી ની બજારમાં લઇ ઝતો. વાટમાં એક નદી આવતી આ નદી પાર કરીને છગન અને ગધેડું બઝારમાં જાય<br>એક દાડો નદી ઓળંગતા ગધેડુ લપસું અને પાંણીમાં પડી જયું , જાણી એ બેઠુ થયું તાણી એનો થેલો હલકો થઈ જેલો લાજ્યો. આવું થયું એટલી ગધેડું તો રાજી રાજી થઈ જ્યું એની પીઠ ઉપર થી વજન અલકો કરવાનો ઉપાય મળી જો. તેણે ફરી વાર નદી પાર કરવાની થાય તાંણી પાંણીમાં ડૂબકી મારવાનુ ગોઠવ્યું<br>પછીતો રોજ ગધેડું એના ઉપાય પ્રમાણે નદી પાર કરવાની થાય તાંણી ડૂબકી મારે અને એની પીઠ પરથી વજન ઓસુ કરે.<br>એક દાડો છગનીયાને ગધેડાની હોશિયારી હ્રમજાઈ જી. ગઈ એટલે એણે થેલામાં લૂણ ને બદલે રૂ ભરી દીધું ગધેડુતો રોજ ની જેમ ખુશ થતુ પાંણીમાં ડૂબકી મારવા લાજ્યું પણ જાણી ઊભુ થયુ તાણી એની પીઠ પર વજન વધી જુ .<br>ગધેડું તો ભાર ઉસકીને માંડ માંડ બેઠુ થયું.<br>તે દા'ડાથી ગધેડુ નદીમાં ડૂબકી મારવાની ખો ભૂલી જયું. |

| પ્રાદેશિક શબ્દ(સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ(કડાણા) |
|---|---|
| **લાલસુ કુતરૂં** | **લાલસુ કુતરૂં** |
| એક કુતરૂં ઇતુ ઇગુ ઘણું લાલસુ અને જગડાળું ઇતું .એક દાડો ઈને એક રુટલો મળ્યો અને એતે ખુશ ખુશ થઈ જ્યું. ઇગો રુટલો મોડામાં લિદો ઇને ઇમ થયું કે. કણે સીટી જઇને શાંતિબન રુટલો ખુ. ઇ દોડતો દોડતો ગામને સેવાડે જતો રિયો. તાં નદી વેતી અતી.<br><br>એનાહી હારી જગાએ જવા કૂતરો નદી પાર કરવા તૈયાર થઈ જ્યો. ઇના કૂતરાની નજર નદી ના પાણીમાં જઇ.ઈને પાંણીમાં એના જેવું સ સીત્ર ભાળ્યું, એ સીત્ર જોઈને એને એમ લાજુ કે પાંણીમાં બીજો કુતરો ઊભો હે એના મોડા માંય રુટલો હે.<br><br>પેલા સીત્રને બીજો કુતરો હમજી બેઠો. એને લાલસ જાગી એને એમ થયું કે પેલા કુતરા પાહે જે રુટલો હે, એ પણ લઇ લું તે મને બે રુટલા ખાવા મળે. ઇમ વિસારીને પેલા કુતરા ને સમકાડવા એગો પાહવા હરુ મોડુ ફાડયું પણ જેવું ઈને મોડું ફાડયું કે તરતેસ એના મોડા માંહો રુટલો નદીના પાંણીમાં પડી જ્યો.<br><br>હવે કુતરાને હમજ પડી કે આતો મેં ખુટું કર્યું. બીજાનું પડાવી લેવા જતા મેં મારો રુટલો કોયો. | એક કુતરૂં અતુ .એજુ ઘણું લાલસું અની કાજિયાવાળુ અતું .એક દાડો એની .....એક રોટલો મળી જ્યો.અની એતો ઘણોય રાજી રાજી થઈ જ્યો એણે રોટલો મોઢામાં લીધો એની એમ થયું.ઘણે છેટી જઇને શાંતિ થી રોટલો ખાય .એતો દોડ્યો દોડ્યો દોડ્યો ગામના સેવાડે જતો રયો. તાં નદી વેતી અતી.<br><br>ઘણી હારી જગ્યાએ જવા એજો નદી ઓળંગવા તૈયાર થઈ જ્યો. એણા કૂતરાની નજર નદી ના પાંણીમાં જઇ એણે પાંણીમાં એના જેવો જ સાંયડો ઝોયો. એજુ પ્રતિબિંબ ઝોઈને એની એમ લાજ્યું કે પાંણીને નેસે બીજો કૂતરો ઊભો હે અની એના મુઢામાંય રોટલો હે.<br><br>પેલા સાંયદા ને બીજો કૂતરો હમજી બેઠો. એની લાલસ પેઠી. એની એમ થયું , પેલા કૂતરા પાંહે જે રોટલો હે,એ પણ પડાઈ લઉ તો મની બે રોટલા ખાવા મળી .એમ વિચાર કરી ની પેલા કૂતરા ની બીવાડવા એણે ભોહવા હારુ મુઢ ઉગાડયું પણ જેવું એણે મુઢ ખોલ્યું કે તરતજ એના મુઢામાહો રોટલો નદીના ઊંડા પાંણીમાં પડી જ્યો.<br><br>અમી કૂતરાને ભાંન થું કે આતો મી ખોટું કર્યું.બીજાનું પડાવી લેવા ઝતા ,મીતો મારો રોટલોય ખોઈ મેલ્યો. |

| પ્રાદેશિક શબ્દ(સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ(કડાણા) |
| --- | --- |
| મોર અને કાગડો | મોર અને કાગડો |
| એક વગડુ ઇતુ. એમાં ઘણાંય જીવડાં રેતાં'તાં. એ બધા જાત જાતના અતાં. એક વખત ઈ બદાને એમ થયું કે આપડા બદનો એક રાજા ઓવો જુગે. ઈને બધાં જીવડાંની સભા ભરી એમાં મોર એનાં પીસડા ,ડોક ,કલજી એ બદુ બતાડીને કીદુ કે મારા જેવું રૂપાળું કોઈ થી. ઇટલે મને રાજા બણાવો બધાં જીવડાની ઇની વાત હાસી લાગી ઇટલે બદે હા કીદુ.<br><br>મોર બધાં જીવડાંનો રાજા થયો. એમાં એક કાગડુ ઇતું. એણે કીધું ઊભા રો. એમ રાજા નક્કી ને થાય. પછી એણે મોરને પૂસ્યુ તમે દેખાવડા હો એની ના થી, પણ એમ માં નો કે કયેક મુટે જીવડે આપડા ઉપર સડાઈ કરી તો તમે અમને બસાવહો ખરાં ?. રાજા ને બીજને હાસબ્બાનાં હોય , રખવાળું કરવાનું ઓય. મોર હુ બોલે ? એ દેખાવડો તો અતો પણ તાકાતવાળો નતો.કે બીજાં જીવડાં ને બસાવે .કાગડે કીદુ રાજા ખાલી રૂપાળો વે ઈ પૂરતું નથી. તે કડક અને જીગરવાળો પણ જુગે. બધે જીવડે કાગડા ની વાત માની લીદી અને સેલ્લે રાજા બણાયા વગર સભા વખેરાઈ ગઇ. | એક વગડુ હતુ એમાં ઘણાય જીવડાં રહેતાં અતાં એ બધા જાત જાતના અતાં એક વખત એણાં બધાંની એમ થયું કે આપડા બધાંનો એક રાજા હુવો જોયે એણે બધાં જીવડાંની સભા ભરી એમાં મોર એનાં પેછાં,ડોક ,કલજી એ બધ્ધુ બતડીની કીધું મારા જેવું રૂપાળું કોઈ થી .એટલી મની રાજા બનાવો બધાં જીવડાની એની વાત હચી લાજી એટલી બધે હા કીધું.<br><br>મારે બાધાં જીવડાંનો રાજા થયો .એમાં એક કાગડુય અતું એણે કીધું ઊભા રો.એમ રાજા નક્કી ની કરાય પછી એણે મોરની પૂછ્યું તમે દેખાવડા હો એની ના નહીં,પણ એમ માંનો કે કોક મોટા જીવડે આપડા ઉપર લડાઈ કરી તો તમે એમની બચાવહો. રાજા ને તો બીજાંનુ હાચવવાનું હોય , રક્ષણ કરવાનું ઓય. મોર હુ બોલે એ દેખાવડો તો અતો પણ તાકાતવાળો નતો.કે બીજાં જીવડાં ને બસાવે કાગડા એ કીધું રાજા ફક્ત દેખાવડો હોય એ પૂરતું નથી.તે મજબુત અની હિંમતવાળો પણ ઉવો જોઇએ.બધે જીવડે કાગડા ની વાત માંની લીધી અની છેવટી રાજા ગોઠવ્યા વગર સભા વીખેરાઈ ગઇ. |

| પ્રાદેશિક શબ્દ(સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ(કડાણા) |
|---|---|
| કાગડો અને હિયાળ | કાગડો અની હિયાળ |
| એક કાગડો અતો બપોરની વખતે ઇની ઘણી ભુખ લાગેલી ઇટલી ખાવાનું ખોડવા તે આમતીમ ઊડા ઊડ કરતો તો. પસી કાગડાને એક પુરી મળી ગઈ. એક હિયાળ કાગડાના મોડામાં પુરીને જુઈ જુ. પુરી જુઈને હિયાળની થયું કે આ કાગડાની સીતરીને પુરી લઈ લું. | એક કાગડો અતોઅની બફોરની વેળાએ એને ઘણી ભુખ લાજેલી એટલે ખાવાનું શોધવા તે આમતેમ ઊડા ઊડ કરતો હતો.પછી કાગડાને એક પુરી મળી જી એક હિયાળ કાગડા મુઢામાં પુરીની જોઈ જયું પુરી જોઈની હિયાળની થયું કે આ કાગડાની છેતરી ની પુરી પડાવી લઉં. |
| હિયાળ કિધુ કાગડા પાઈ જરીક હમજો તે ખરા આ ટેમ ખાવા નો નઇ પુણ ગાવાનો છે. પાસા તમે કણુય હારુ ગો હો. મની હારુ ગાંણુ હાંબરવાનું મન થયુ હે .મારી આસા તમે પુરી કરો એવી મારી ઈસ્સા હે. એક ગાંણુ હંબળાવોની. | હિયાળ કિધુ કાગડા ભાઈ જરાક હમજો તો ખરા આ ટેમ ખાવા નો નઇ પણ ગાવાનો છે. પાછા તમે ઘણુય હારુ ગો હો મની હારુ ગીત હાંભળવાનું હાં ભરવાનું મન થયુ છે.મારી ઇચ્છા તમે પુરી કરો એવો મારો આગ્રહ છે.એક ગીત હંભળાવોને |
| કાગડો ઇના વખાણ હંબળીની ફુલાજ્યો. અને કાગડે ગીત ગાવા જેવું મોડુ ફાડ્યું કે તરત જ પૂરી નીસે પડી ગઇ અને હિયાળ પુરી લઈને જતુ રયુ. | કાગડો એના વખાણ હાંભળી ને ફુલાઈ જો અની કાગડાએ જેવુ ગીત ગાવા માટે મુઢુ ઉઘડ્યું તેવી જ પૂરી નેસે પડી જઇ હિયાળ પુરી લેઇની જતુ રહ્યું |

| પ્રાદેશિક શબ્દ(સંતરામપુર) | પ્રાદેશિક શબ્દ(કડાણા) |
|---|---|
| આથીની હુંડ | હાથીની સૂઢ |
| જુના જમાનાની વાત હે. એક આથી ને એક રૂપાળું નખુરું અતું. જાણી બીજાં પશુ ત્યાંથી નીકળે ત્યારે તે કાયમી નખુરા ને અવામાં ફીરવતો અને દીખાડો કરતો.<br>બીજા પશુઓને આ ગમતું તું. સીવટી એક ડાયા વાંદરે એને માટે કંઇક ગુઠવવાનું નક્કી કર્યું. તે ડુંગરા ઉપર રેતા એક બાવા પાહણ જ્યો અને કીદુ કે આથીઓનું નખુરું લાંબુ અને કદરૂપુ બણાવાની કોઈ રીત હે. બાવે કીદુ કે મારી પાહે કીટલાક જાદુવાળા મરજોં હે. ફકત ઇ જ કામ કરી શકે. પણ બાવાએ તે મરજોં આલવાની ના પાડી. વાંદરો ઘણો સાલાક અતો. બાવો ઝૂંપડીમાં જાઇ ની અને હુઇ ની જાય તાં હુદી એ વાટ જુવતાં રીયા. એણે આજુ બાજું જુયું અને છેવટે જાદુ વાળં મરજ્ય મળી જાં અને વનમાં જતો રહ્યો.<br>પછી એણે આથીઓને તળાવમાં પાંણી પીતા જુયાં વાંદરો તળાવ તરફ કુદયો અને બધાય જાદુઈ મરજ્યા પાંણીમા નાખી દિદ. આથીઓ એ તો મજાથી પાણી પીવાનું સાલુ રાખ્યું. તેઓ એ નતા જાંણતા કે પાંણીમા જાદુઈ મરજયાં હે. એકદમ બધા આથીઓને એક હાતી સીક આબબાં મંડી જેમ જેમ સીક ખાય ઇમ ઇમ ઇમનું નખુરું લાંબુ થતું જાય આ...... છી.......આ...... છી...... | ઘણા વખત પેલાંની વાત હે.એક આથીને રૂપાળું નાખોરું અતું .ઝાંણી ઝોઈની બીઝાં પશુ તાહાં નેહરી તાણી તે કાયમ નાખોરાને અવામાં ફેરવતો અની દેખાવ કરતો.<br>બીઝા પશુઓને આ ગમતું નતું. સેવટે એક ડાયા આંદરાએ એને હારું કશુંક ગોઠવવાનું નચ્ચી કર્યું. તે ડુંગરા ઉપર રતા એક બાવા પાહણ જ્યો અને કીધું કે આથીઓનું નાખોરું લાંબુ અને કદરૂપુ બનાવવાની કોઈ રીત હે ?બાવાએ કીધું કે મારી પાંહણ ચેટલાક જાદુઈ મરીયાં હી. ફકત તે ઝ કાંમ કરી શકે પણ બાવાએ તે આલવાની ના પાડી. આંદરો ઘણો ચાલાક અતો .બાવો ઝૂંપડીમાં ની ઝાય અને હુઇ ની ઝાય તાં હુદી એ વાટ ઝોતો રહ્યો. એણે આઝુબાઝૂ ઝોયું અની શેવટી જાદુ મળી જ્યો અની વનમાં ઝતો રહ્યો.<br>પસી એણે આથીઓની તલાવમાં પાંણી પીતા ઝોયા. આંદરો તલાવ પણી કૂદયો અની બધ્ધા જાદુઈ મરીયાં પાંણીમાં નાસી દીધા. આથીઓએ તો મઝાથી પાંણી પીવાનું સાલુ રાસ્યુ.તેઓ એ નતા ઝાંણતા કે પાંણીમાં જાદુઈ મરીયાં હી. એકદમ બધા આથીઓની એકીહાથી શેકો આબ્બા માંડી જમ જમ શેકો ખાય એમ એમ એમનું નાખોરું લાંબુ થતું જુ. આ...... છી.ક......આ...... છી...ક... |